સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

**WEEK 12**

[14/03/21 to 20/03/21]

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)


## ગણિત

GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, ક્લાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલ્વે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE





## તર્કશક્તિ

GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, ક્લાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલ્વે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**14 MAR-2021**

- દિવસ મહિમા : 14 માર્ચ, π દિવસ (Pi Day) ...... 02
- ક્વાડ (QUAD) દેશોના નેતાઓનું પ્રથમ વર્ચ્યુઅલ શિખર સંમેલન ...... 02
- શ્રી હરીશ મિનાશ્રુ અને શ્રી નટવર પટેલને સાહિત્ય અકાદમી પુરસ્કાર 2020 એનાયત ...... 03
- QUESTION ANSWERS ...... 06

**15 MAR-2021**

- દિવસ મહિમા : 15 માર્ચ ...... 08
- વર્ષ 2020-21ની વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈની ટીમ વિજેતા ...... 08
- HDFC બેંક દ્વારા 'સ્માર્ટઅપ ઉન્નતિ પ્રોગ્રામ' લોન્ચ ...... 10
- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 3 છત્ર યોજનાઓ હેઠળ તેની તમામ મુખ્ય યોજનાઓનો સમાવેશ ...... 11
- QUESTION ANSWERS ...... 13

**16 MAR-2021**

- 63મા ગ્રેમી એવોર્ડની જાહેરાત ...... 15
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા મધ્યપ્રદેશના સિંગોરગઢ કિલ્લાના કાર્યોનો શિલાન્યાસ ...... 15
- DRDO એ ડીઝલ ઈલેકટ્રિક સબમરિન માટે એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમનું અંતિમ પરીક્ષણ હાથ ધર્યુ ...... 16
- QUESTION ANSWERS ...... 18

**17 MAR-2021**

- કેન્દ્રીય કેબિનેટ દ્વારા રૂ. 20,000 કરોડના મૂડીરોકાણ સાથે ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશનને મંજૂરી ...... 19
- ઈસરો અને નાસાએ પૃથ્વી નિરીક્ષણ સેટેલાઈટ મિશન માટે સિન્થેટિક અપર્ચર રડારનો વિકાસ કર્યો ...... 20
- QUESTION ANSWERS ...... 22

**18 MAR-2021**

- દિવસ મહિમા : 18 માર્ચ, ઓર્ડેનન્સ ફેક્ટરીઝ દિવસ ...... 23
- વર્ષ 2019ની ગુજરાતી ફિલ્મોના પુરસ્કાર જાહેર ...... 23
- ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'દસ્તલિક-2'નું ઉત્તરાખંડમાં આયોજન ...... 24
- કેન્દ્રીય કેબિનેટ દ્વારા પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિને મંજૂરી ...... 25
- QUESTION ANSWERS ...... 26

**19 MAR-2021**

- ત્રીજી સ્કોર્પિયન કલાસની સબમરીન INS કરંજ ભારતીય નૌકાદળમાં સેવારત ...... 27
- શ્રી અમિતાભ બચ્ચનને 'FIAF એવોર્ડ 2021' ...... 28
- વિશ્વનું સૌથી શક્તિશાળી સુપર કોમ્પ્યૂટર જાપાનનું 'ફુગાકુ' ...... 29
- QUESTION ANSWERS ...... 30

**20 MAR-2021**

- દિવસ મહિમા : 20 માર્ચ ...... 31
- વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2021 ...... 32
- APEDA દ્વારા તેના પ્રથમ વર્ચ્યુઅલ ટ્રેડ ફેરનો શુભારંભ ...... 33
- QUESTION ANSWERS ...... 34

**ONE LINER** ...... 35

**QUESTION OF THIS WEEK** ...... 38


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 14 માર્ચ, π દિવસ (Pi Day)

પાઈ દિવસએ **ગણિતના અચળાંક π** વિશે ઉજવવામાં આવતો વાર્ષિક દિવસ છે.

- πની કિંમત **3.14 (22/7)** છે. πની કિંમતને ધ્યાનમાં રાખીને તેની ઉજવણી દર વર્ષે ત્રીજો મહિનો અને 14 તારીખે કરવામાં આવે છે. એટલે કે 14 માર્ચના રોજ દર વર્ષે π દિવસ ઉજવવામાં આવે છે.
- તેમજ **π એપ્રોક્સિમેશન દિવસ**ની ઉજવણી **22 જુલાઈ**ના રોજ કરવામાં આવે છે.

## ક્વાડ (QUAD) દેશોના નેતાઓનું પ્રથમ વર્ચ્યુઅલ શિખર સંમેલન

12 માર્ચ, 2021ના રોજ ક્વાડ (QUAD) દેશના નેતાઓના શિખર સંમેલનનું આયોજન વર્ચ્યુઅલ રીતે **અમેરિકા** દ્વારા કરવામાં આવ્યું હતું.

- આ સંમેલનમાં ભારતના **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** સહિત ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન **શ્રી સ્કોટ મોરિસન,** જાપાનના વડાપ્રધાન **શ્રી યોશિહીદે શુગા** અને અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી જોસેફ આર. બાઈડેન** દ્વારા હાજરી આપવામાં આવી હતી.

### કોરોના વેક્સિનના ઉત્પાદનને વેગ આપવા ક્વાડ દેશોની સંયુક્ત ભાગીદારી

ક્વાડ દેશના નેતાઓની આ સમિટમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેને વિશ્વના લાભ માટે કોરોના વેક્સિનના ઉત્પાદનને વેગ આપવા માટે એક મહત્વાકાંક્ષી સંયુક્ત ભાગીદારીની જાહેરાત કરી હતી.

- કોરોના રસીકરણ વ્યાપક બનવાથી **ઈન્ડો-પેસિફિક રિજિયનને** લાભ થશે.
- આ સમિટમાં ભારત દ્વારા શરૂ કરવામાં આવેલ **'વેક્સિન મૈત્રી ઈનિશિયેટીવ'** ની પ્રશંસા કરવામાં આવી હતી.

**ICE FACT :**

(1) 'વેક્સિન મૈત્રી ઈનિશિયેટીવ' અંતર્ગત ભારત તેના **પડોશી દેશોને કોવિડ-19 વેક્સિન**ની મદદ પહોંચાડે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ક્વાડ સમિટમાં વિવિધ વિષયો પર ચર્ચા

ક્વાડ સમિટ દરમિયાન તેના સભ્ય દેશોએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચાઓ કરી હતી.

- ખુલ્લા અને સમાવેશી (Incusive) **ઈન્ડો-પેસેફિક રિજિયનને** જાળવવા માટે સહકારના ઘણા ક્ષેત્રો પર મંતવ્યોની આપ–લે આ બેઠક દરમિયાન થઈ હતી.
- આ વર્ચ્યુઅલ સમિટ દરમિયાન સમકાલીન પડકારો જેવા કે દરિયાઈ સુરક્ષા હવામાન પરિવર્તન, સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન તેમજ ઉભરતી અને મહત્ત્વપૂર્ણ તકનીકીઓ અંગે મંતવ્યોની આપ–લે એકબીજા દેશો વચ્ચે થઈ હતી.

### Quadrilateral Security Dialogue (QUAD)

QUAD એ મુખ્યત્વે **ચાર દેશોનું** જોડાણ છે. જેમાં **ભારત**, **ઓસ્ટ્રેલિયા**, **અમેરિકા** અને **જાપાન**નો સમાવેશ થાય છે.

- તેની સ્થાપના **વર્ષ 2007**માં કરવામાં આવી હતી.
- ક્વાડને **'એશિયન NATO'** તરીકે પણ ઓળખવામાં આવે છે. તે તેના સભ્યદેશોનું એક અનૌપચારિક વ્યૂહાત્મક મંચ છે.
- તેના અંતર્ગત તેના સભ્યદેશો વચ્ચે અર્ધ–નિયમિત શિખર સંમેલન, માહિતીનું આદાન–પ્રદાન અને સૈન્ય અભ્યાસનું આયોજન પણ કરવામાં આવે છે.

- આ મંચની શરૂઆત **વર્ષ 2007**માં **જાપાન**ના વડાપ્રધાન **શ્રી શિંઝો આબેએ** અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડિકચેની, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી જોન હોવર્ડ અને ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી મનમોહન સિંઘના સહયોગથી કરી હતી.
- ચીનના આર્થિક અને લશ્કરી શક્તિમાં થઈ રહેલા વધારાના પ્રતિસાદ તરીકે ક્વાડને જોવામાં આવે છે.

## NATO

NATOનું પૂરુંનામ **'નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન'** છે.

- તેને **'નોર્થ એટલાન્ટિક અલાયન્સ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે **યુરોપ** અને **ઉત્તર અમેરિકા**ના 30 દેશોનું આંતર સરકારી **લશ્કરી જોડાણ** છે.
- તેની સ્થાપના **4 એપ્રિલ, 1949**ના રોજ કરવામાં આવી હતી.
- NATOનું વડુંમથક **બેલ્જિયમ**ના **બ્રુસેલ્સ** ખાતે આવેલું છે.
- આ સંગઠન દ્વારા સામૂહિક સુરક્ષા માટેની વ્યવસ્થા બનાવવામાં આવી છે જેના અંતર્ગત સભ્ય દેશ સિવાયના કોઈ દેશ દ્વારા તેના સભ્ય દેશ પર હુમલો કરવામાં આવે ત્યારે બધા દેશો પરસ્પર સહયોગ કરે છે.
- 27 માર્ચ, 2020ના રોજ NATOના **30માં સભ્ય તરીકે ઉત્તર મેસેડોનિયા** આ સંગઠનમાં જોડાયો છે.

**ICE FACT :**

(1) ક્વાડના સભ્યદેશો એવા ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન વચ્ચે તાજેતરમાં વર્ષ 2020માં **'માલાબાર કવાયત'**નું આયોજન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી હરીશ મિનાશ્રુ અને શ્રી નટવર પટેલને સાહિત્ય અકાદમી પુરસ્કાર 2020 એનાયત

દિલ્હી ખાતે આવેલી રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી દ્વારા દર વર્ષે વિવિધ ભારતીય ભાષાઓના લેખકોની કૃતિઓને પુરસ્કૃત કરવામાં આવે છે.

- 12 માર્ચ, 2020ના રોજ સાહિત્ય અકાદમી, દિલ્હીની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક મળી હતી. જેમાં 'સાહિત્ય અકાદમી એવોર્ડ 2020'ના વિજેતાઓના નામની જાહેરાત કરવામાં આવી હતી.

### સાહિત્ય અકાદમી એવોર્ડ 2020 વિજેતા ગુજરાતીઓ

વર્ષ **2020**નો **ગુજરાતી ભાષા માટેનો સાહિત્ય અકાદમી એવોર્ડ શ્રી હરીશ મિનાશ્રુ**ના કાવ્ય પુસ્તક **'બનારસ ડાયરી'** ને જાહેર કરવામાં આવ્યો છે.

- જ્યારે **વર્ષ 2020**નો ગુજરાતી ભાષા માટેનો **બાલ સાહિત્ય પુરસ્કાર શ્રી નટવર પટેલ**ના બાળવાર્તા સંગ્રહ **'ભૂરીની અજાયબ સફર'** ને આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

| વર્ષ 2020ના સાહિત્ય અકાદમી વિજેતા ગુજરાતી સર્જકો | | | |
|---|---|---|---|
| ક્રમ | પુરસ્કારનું નામ | વિજેતા સર્જક | કૃતિ |
| 1 | સાહિત્ય અકાદમી એવોર્ડ–2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |
| 2 | સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર–2020 | શ્રી નટવર પટેલ | ભૂરીની અજાયબ સફર |

## શ્રી હરીશ મિનાશ્રુ

શ્રી હરીશ મિનાશ્રુ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ, અનુવાદક અને બેંક મેનેજર છે.

- તેઓનો જન્મ **આણંદ** ખાતે થયો હતો.
- તેઓનું પૂરું નામ **હરીશ કૃષ્ણારામ** દવે છે.
- શ્રી હરીશ કૃષ્ણારામ દવેનું ઉપનામ 'હરીશ મિનાશ્રુ' છે.

## શ્રી હરીશ મિનાશ્રુનું સર્જન

આધુનિક ગુજરાતી સાહિત્યની શૈલીમાં કવિતાઓ લખતા આ કવિની રચનાઓ ગુજરાતી ઉપરાંત હિન્દી, મલયાલમ, મરાઠી, કન્નડ, અંગ્રેજી અને જર્મન ભાષાઓમાં પણ રૂપાંતરિત થઈ છે.

- તેમના સાહિત્ય સર્જનોમાં **સુનો ભાઈ સાધો** (1999), **તાંદુલ** (1999), **બનારસ ડાયરી** (2016), **ધ્રીબાંગ સુંદર એની પેરે ડોલ્યા** (1988) વગેરેનો સમાવેશ થાય છે.

## શ્રી હરીશ મિનાશ્રુને મળેલા નોંધપાત્ર પુરસ્કારો

તેઓને કલાપી પુરસ્કાર, વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર, નરસિંહ મહેતા એવોર્ડ અને સાહિત્ય અકાદમી પુરસ્કાર જેવા નોંધપાત્ર પુરસ્કારો મળી ચૂક્યા છે.

## સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ગુજરાતી સર્જકો

સૌપ્રથમ **વર્ષ 1955**માં **શ્રી મહાદેવભાઈ દેસાઈ**ને **'મહાદેવભાઈની ડાયરી'** માટે આ પુરસ્કાર એનાયત થયો હતો.

| વિવિધ સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ગુજરાતી સર્જકો | | |
|---|---|---|
| વર્ષ | નામ | કૃતિ |
| 1955 | શ્રી મહાદેવભાઈભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 2018 | સુશ્રી શરીફા વીજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રેવું રે ! |
| 2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હીએ ભારતની **રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા** છે.

- તેને **'નેશનલ એકેડમી ઓફ લેટર્સ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા **12 માર્ચ, 1954**ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા **રવિન્દ્રભવન, નવી દિલ્હી** ખાતે આવેલી છે.
- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા મુખ્ય પુરસ્કાર **'સાહિત્ય અકાદમી એવોર્ડ'** ઉપરાંત **'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર'** અને **'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર'** પણ દર વર્ષે એનાયત થાય છે.
- ભારતીય બંધારણ દ્વારા માન્ય **22 ભાષાઓ** ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત **કુલ 24 ભાષાઓ**ને સાહિત્ય અકાદમી દ્વારા માન્યતા આપવામાં આવી છે.
- સાહિત્ય અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત આ **24 ભાષાઓ** માટે વિવિધ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે.

**ICE FACTS :**

(1) વર્ષ 2020નો અંગ્રેજી ભાષા માટેનો સાહિત્ય અકાદમી પુરસ્કાર **સુશ્રી અરૂંધતી સુબ્રમણિયમ**ને તેમના કાવ્ય સંગ્રહ **'When God is a Traveller'** માટે એનાયત થયો છે.

(2) રાજકારણી તેમજ લેખક **શ્રી વીરપ્પા મોઈલીને** કન્નડ ભાષાના મહાકાવ્ય 'શ્રી બાહુબલી અહિંસા દિગ્વિજયમ્' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર આપવામાં આવ્યો છે.

(3) **વર્ષ 2020**નો **હિંદી ભાષા** માટેનો સાહિત્ય અકાદમી પુરસ્કાર **બિહારના** વતની **સુશ્રી અનામિકા**ને તેમના કવિતા સંગ્રહ **'ટોકરી મે દિગંત'** માટે અપવામાં આવ્યો છે.



## SUNDAY Questions

1. ‘π દિવસની’ ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?
   (A) 14 માર્ચ (B) 15 માર્ચ (C) 16 માર્ચ (D) 22 જુલાઈ — (A)

2. ગણિત વિષયના અચળાંક એવા πની કિંમત શું છે ?
   (A) 2.14 (B) 22.7 (C) 3.14 (D) 31.4 — (C)

3. ‘π એપ્રોક્સિમેશન દિવસ’ ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે.
   (A) 22 જૂન (B) 22 જૂલાઈ (C) 14 માર્ચ (D) 15 માર્ચ — (B)

4. ક્વાડ (QUAD) દેશના નેતાઓના પ્રથમ વર્ચ્યુઅલ શિખર સંમેલનનું આયોજન તાજેતરમાં કયા દેશ દ્વારા કરવામાં આવ્યું હતું ?
   (A) જાપાન (B) ભારત (C) ઓસ્ટ્રેલિયા (D) અમેરિકા — (D)

5. ‘વેક્સિન મૈત્રી ઈનિશિયેટીવ’ પહેલની શરૂઆત કયા દેશ દ્વારા કરવામાં આવી છે ?
   (A) બાંગ્લાદેશ (B) શ્રીલંકા (C) ભારત (D) નેપાળ — (C)

6. નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચાં વિધાનો જણાવો ?
   1. QUDA એ મુખ્યત્વે ચાર દેશોનું જોડાણ છે જેમાં ભારત, ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને જાપાનનો સમાવેશ થાય છે.
   2. ક્વાડને ‘એશિયન NATO’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
   3. QUADની સ્થાપના અંગેની પહેલ જાપાનના વડાપ્રધાન શ્રી શિંઝો આબે દ્વારા કરવામાં આવી હતી.
   4. ક્વાડના સભ્યદેશો વચ્ચે તાજેતરમાં વર્ષ 2020માં ‘માલાબાર કવાયત’નું આયોજન કરવામાં આવ્યું હતું.
   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 — (A)

7. 'NATO' વિશે આપેલા સાચા વિધાનો જણાવો ?
   1. NATOનું પૂરુંનામ ‘નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન’ છે.
   2. તે યુરોપ અને ઉત્તર અમેરિકાના 30 દેશોનું આંતર સરકારી લશ્કરી જોડાણ છે.
   3. તેનું વડુંમથક બેલ્જિયમના બ્રુસેલ્સ ખાતે આવેલું છે.
   4. NATOના 30મા સભ્ય તરીકે વર્ષ 2020માં ઉત્તર મેસેડોનિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
   (A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 4 (D) 2, 3, 4 — (B)

8. વર્ષ 2020ના ગુજરાતી ભાષા માટેના સાહિત્ય અકાદમી એવોર્ડ માટે તાજેતરમાં કયા ગુજરાતીની પસંદગી કરવામાં આવી છે ?
   (A) શ્રી આલોક વર્મા (B) શ્રી હરીશ મિનાશ્રુ (C) સુશ્રી બકુલા ઘોષ (D) શ્રી નટવર પટેલ — (B)

9. વર્ષ 2020ના ગુજરાતી ભાષા માટેના બાલ સાહિત્ય પુરસ્કાર માટે તાજેતરમાં કયા ગુજરાતીની પસંદગી કરવામાં આવી છે ?
   (A) શ્રી આલોક વર્મા (B) શ્રી હરીશ મિનાશ્રુ (C) સુશ્રી બકુલા ઘોષ (D) શ્રી નટવર પટેલ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. શ્રી હરિશ મિનાશ્રુને તેમના કયા કાવ્ય પુસ્તક માટે ગુજરાતી ભાષા માટે સાહિત્ય અકાદમી એવોર્ડ 2020 આપવામાં આવ્યો છે ?

(A) રંગતરંગ (B) બનારસ ડાયરી (C) અંતર્નાદ (D) સુનો ભાઈ સાધો **(B)**

11. શ્રી નટવર પટેલને તેમના કયા બાળ વાર્તા સંગ્રહ માટે ગુજરાતી ભાષા માટે બાલસાહિત્ય પુરસ્કાર આપવામાં આવ્યો છે ?

(A) ભૂરીની અજાયબ સફર (B) બાળપણ વીતી ગયું

(C) આકાશની પરી (D) પતંગિયુ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા પ્રથમ ગુજરાતીનુ નામ જણાવો ?

(A) શ્રી રા.વી. પાઠક (B) શ્રી રસિકલાલ પરીખ

(C) શ્રી મહાદેવભાઈ દેસાઈ (D) શ્રી સુખલાલ સંઘવી **(C)**

13. 'When God is a Traveller' એ કોનો કાવ્યસંગ્રહ છે ?

(A) સુશ્રી મલ્લિકા સારાભાઈ (B) સુશ્રી બકુલા ઘોષ

(C) સુશ્રી અરૂંધતી સુબ્રમણિયમ (D) સુશ્રી સરોજ પાઠક **(C)**





## દિવસ મહિમા : 15માર્ચ,

(1) વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિન (World Consumer Day or World Consumer Rights Day)

(2) World Speech Day

(3) વિશ્વ સંપર્ક દિવસ (World Contact Day)

(4) પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Police Brutality)

### વિશ્વ ગ્રાહક દિન

ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 માર્ચના રોજ **'વિશ્વ ગ્રાહક દિન'** અથવા તો **'વિશ્વ ગ્રાહક અધિકાર દિન'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **Consumer International** દ્વારા ઉજવાતા આ દિવસની ઉજવણીનો એક અન્ય હેતુ 'ગ્રાહક અધિકાર' ના સંરક્ષણ અને એ અંગે જાગૃતિનો પણ છે.
- વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની શરૂઆત વર્ષ 1983માં **Consumer International** નામની સંસ્થા દ્વારા કરવામાં આવી હતી.
- વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ–**2021**ની થીમ **'Tackling plastic pollution'** (પ્લાસ્ટિકના પ્રદૂષણનો સામનો કરવો) છે.

**ICE FACT :**

(1) નોંધનીય છે કે **ભારત**માં દર વર્ષે 24 ડિસેમ્બરના રોજ **'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ષ 2020-21ની વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈની ટીમ વિજેતા

તાજેતરમાં **દિલ્હી**ના **અરૂણ** જેટલી સ્ટેડિયમમાં વિજય હઝારે ટ્રોફીની ફાઈનલ મેચનું આયોજન **મુંબઈ** અને **ઉત્તરપ્રદેશ**ની ટીમ વચ્ચે થયું હતું. જેમાં મુંબઈની ટીમ વિજેતા બની છે.

- મુંબઈની ટીમે **શ્રી પૃથ્વી શો**ની કેપ્ટનશિપ હેઠળ આ ટ્રોફી જીતી છે. તેમજ **મુંબઈ** વિજય હઝારે ટ્રોફીમાં **કુલ 4 વખત** વિજેતા બન્યું છે.
- વર્ષ **2021**માં વિજય હઝારે ટ્રોફીની **19મી સિઝનનું** આયોજન કરવામાં આવ્યું હતું.

### વર્ષ 2020-21 વિજય હઝારે ટ્રોફી

વર્ષ 2020-21ની વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈની ટીમ વિજેતા બની જ્યારે ઉત્તરપ્રદેશની ટીમ રનર્સ–અપ રહી હતી.

- મુંબઈ ટીમના કેપ્ટન **શ્રી પૃથ્વી શોએ** વર્ષ 2021ની વિજય હઝારે ટ્રોફીમાં **સૌથી વધુ રન 827** ફટકાર્યા છે.
- તેમજ ઉત્તરપ્રદેશની ટીમના બોલર **શ્રી શિવમ શર્માએ** વર્ષ 2021ની વિજય હઝારે ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ્સ 21 ઝડપી છે.

## વિજય હજારે ટ્રોફી

વિજય હજારે ટ્રોફીને **'રણજી વન-ડે ટ્રોફી'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- વર્ષ **2002-03**માં મર્યાદિત ઓવરોની ટૂર્નામેન્ટ તરીકે તેની શરૂઆત કરવામાં આવી હતી.
- આ ટ્રોફીનું નામ પ્રખ્યાત ભારતીય ક્રિકેટર **શ્રી વિજય હઝારે**ના નામ પર રાખવામાં આવ્યું છે.
- **તમિલનાડુ**ની ટીમ વિજય હઝારે ટ્રોફીમાં **સૌથી વધુ 5 વખત વિજેતા** બની છે.
- ગુજરાતની ટીમ વર્ષ 2015-16માં રમાયેલ વિજય હઝારે ટ્રોફીમાં વિજેતા બની હતી.

## ભારતમાં રમવામાં આવતી અન્ય સ્થાનિક ક્રિકેટ સ્પર્ધાઓ

## સૈયદ મુશ્તાક અલી ટ્રોફી

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીએ એક ઘરેલુ **ટી-20** ક્રિકેટ ચેમ્પિયનશીપ છે.

- તેનું આયોજન **બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI)** દ્વારા કરવામાં આવે છે.
- તાજેતરમાં, તમિલનાડુ ટીમ બરોડાની ટીમને હરાવીને સૈયદ મુશ્તાક અલી ટી–20 ટ્રોફીમાં વિજેતા બની છે.

## રણજી ટ્રોફી

રણજી ટ્રોફીની શરૂઆત વર્ષ 1934માં થઈ હતી.

- તે ભારતની સૌથી મોટી ઘરેલુ ક્રિકેટ સ્પર્ધા છે.
- હાલમાં તેમાં **38 ટીમો** ભાગ લે છે.
- ભારતના **પૂર્વ ક્રિકેટર શ્રી રણજિતસિંહ**ના નામ પરથી આ ટ્રોફીનું નામ તેમના માનમાં **'રણજી ટ્રોફી'** રાખવામાં આવ્યું છે.
- ભારતીય ક્રિકેટ બોર્ડે તાજેતરમાં જાહેરાત કરી છે કે કોવિડ–19 મહામારીના કારણે આ વર્ષે પ્રથમ વખત દેશની ટોચની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીનું આયોજન કરવામાં આવશે નહીં.

## દુલીપ ટ્રોફી

તે ભારતની ઘરેલુ પ્રથમ શ્રેણીની ક્રિકેટ સ્પર્ધા છે.

- નવાનગરના કુમાર **શ્રી દુલીપસિંહજીના** નામ પરથી આ ટ્રોફીનું નામ **'દુલીપ ટ્રોફી'** રાખવામાં આવ્યું છે.
- દુલીપ ટ્રોફીનું આયોજન **ઈન્ડિયા રેડ, ઈન્ડિયા બ્લુ** અને **ઈન્ડિયા ગ્રીન** ટીમો વચ્ચે કરવામાં આવે છે.
- પ્રથમ વખત આ ટ્રોફીનું આયોજન વર્ષ 1961-62માં કરવામાં આવ્યું હતું.

## દેવધર ટ્રોફી

આ ટ્રોફીનું નામ ભારતીય ક્રિકેટર **શ્રી બળવંત દેવધર**ના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- આ ટ્રોફી અંતર્ગત **વિજય હઝારે** ટ્રોફીના વિજેતા સામે **ઈન્ડિયા A** અને **ઈન્ડિયા B**ની ટીમો વચ્ચે મેચનું આયોજન કરવામાં આવે છે.
- આ ટ્રોફીની શરૂઆત **વર્ષ 1973-74**માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT :**

(1) પૂર્વ ભારતીય ક્રિકેટર **શ્રી બળવંત દેવધરને** **'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયન ક્રિકેટ'** તરીકે ઓળખવામાં આવે છે.

### ઈરાની ટ્રોફી

ઈરાની ટ્રોફીની શરૂઆત **વર્ષ 1960**માં થઈ હતી.

- તેનું આયોજન **રણજી ટ્રોફી** અને **રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમના ચેમ્પિયનો** વચ્ચે કરવામાં આવે છે.
- તેનું **પ્રથમ વખત આયોજન** **વર્ષ 1959-60**માં કરવામાં આવ્યું હતું.

## HDFC બેંક દ્વારા 'સ્માર્ટઅપ ઉન્નતિ પ્રોગ્રામ' લોન્ચ

તાજેતરમાં **મહિલા ઉદ્યમીઓ**ને પ્રોત્સાહન આપવા માટે HDFC બેંક દ્વારા **'સ્માર્ટ-અપ ઉન્નતિ મેન્ટરિંગ પ્રોગ્રામ'** શરૂ કરવામાં આવ્યો છે.

HDFC BANK
Unnati
Progress for Women

### સ્માર્ટઅપ ઉન્નતિ મેન્ટરિંગ પ્રોગ્રામ

'સ્માર્ટઅપ ઉન્નતિ મેન્ટરિંગ પ્રોગ્રામ' આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ( 8 માર્ચ ) નિમિત્તે શરૂ કરવામાં આવ્યો હતો.

- આ કાર્યક્રમ અંતર્ગત, HDFC બેંકના મહિલા નેતાઓ તેઓની કુશળતાનો ઉપયોગ મહિલા ઉદ્યમીઓને માર્ગદર્શન આપવા માટે કરશે. જેની મદદથી મહિલા ઉદ્યમીઓ આગામી એક વર્ષમાં તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે છે.
- આ કાર્યક્રમ બેંકના વર્તમાન ગ્રાહકો માટે ઉપલબ્ધ છે.
- **HDFC બેંક**ના **સ્માર્ટઅપ પ્રોગ્રામ** સાથે સંકળાયેલા **3000 કરતા વધુ મહિલા** ઉદ્યમીઓને શરૂઆતમાં આ કાર્યક્રમ અંતર્ગત સમાવવામાં આવશે.
- આ કાર્યક્રમ અંતર્ગત, વરિષ્ઠ મહિલા કારોબારી નેતાઓ મહિલા ઉદ્યમીઓ માટે સાઉન્ડિંગ બોર્ડના રૂપમાં કાર્ય કરશે.
- આમ, આ **'મહિલાઓ દ્વારા મહિલાઓ માટે'**નો કાર્યક્રમ છે.
- તે મહિલાઓના દષ્ટિકોણને વિસ્તૃત કરીને તેમના વ્યવસાયને વધારવામાં મદદ કરશે.

### સ્માર્ટઅપ પ્રોગ્રામ

**HDFC બેંક** દ્વારા વર્ષ **2018**માં સ્માર્ટઅપ પોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- તે એક ઓનલાઈન માર્ગદર્શક પ્લેટફોર્મ છે જે બેંકિંગ સ્ટાર્ટઅપ માટે શરૂ કરવામાં આવ્યો હતો.
- આ કાર્યક્રમ અંતર્ગત HDFC બેંક રાજ્ય સરકારો અને ઈન્ક્યુબેટરો સાથે મળીને ઉદ્યમવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી છે.

### HDFC

HDFCનું પૂરું નામ **'હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન'** છે.

- તે બેંકિંગ અને નાણાકીય સેવાઓ પ્રદાન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

- તેની સ્થાપના **ઓગષ્ટ, 1994**માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક **મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે આવેલું છે.
- સંપત્તિના આધારે HDFC બેંક ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંક છે.

## કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 3 છત્ર યોજનાઓ હેઠળ તેની તમામ મુખ્ય યોજનાઓનો સમાવેશ

તાજેતરમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે તેની બધી જ મુખ્ય યોજનાઓના અસરકારક અમલીકણ માટે 3 છત્ર યોજનાઓ અંતર્ગત તેની તમામ મુખ્ય યોજનાઓનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે :

सत्यमेव जयते
महिला एवं बाल विकास मंत्रालय
भारत सरकार

- આ ત્રણ છત્ર યોજનાઓમાં નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે :
  (1) મિશન પોષણ 2.0
  (2) મિશન વાત્સલ્ય
  (3) મિશન શક્તિ

### દેશના વિકાસમાં સ્ત્રીઓ અને બાળકોનું મહત્ત્વ

વર્ષ **2011ની વસતી ગણતરી** પ્રમાણે ભારતની કુલ વસતીમાં **મહિલાઓ** અને **બાળકોનો હિસ્સો 67.7%** છે.

- તેથી, મહિલાઓ અને બાળકોનું સશક્તિકરણ અને રક્ષણ દેશના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- આ અંતર્ગત કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પોષિત બાળકો માટે સલામત અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરે છે.

### મિશન શક્તિ

ભારતીય બંધારણમાં સ્વતંત્રતા અને તકના સંદર્ભમાં મહિલાઓ અને પુરુષોને એક સમાન અધિકાર આપવામાં આવ્યો છે.

- એક સમાવિષ્ટ સમાજ (Inclusive Society)ની રચના માટે મહિલાઓને પૂરતી તકો મળવી ખૂબ જ આવશ્યક છે. આનાથી મહિલાઓ દેશના સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસમાં ભાગ લઈ શકશે. આ ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે 'મિશન શક્તિ' શરૂ કરવામાં આવ્યું હતું.
- 'મિશન શક્તિ' નામની છત્ર યોજના (Umbrella Schemes) અંતર્ગત નીચેની યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
  - ➢ **વન સ્ટોપ સેન્ટર**
  - ➢ **મહિલા પોલીસ વોલ્યુન્ટીયર**
  - ➢ **બેટી બચાવો, બેટી પઢાવો**
  - ➢ **વુમન્સ હેલ્પલાઈન**
  - ➢ **પ્રધાનમંત્રી માતૃવંદના યોજના** વગેરે...

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિશન પોષણ 2.0

કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત, પોષક તત્ત્વોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે તેની ડિલિવરી, પહોંચ અને પરિણામને વધુ સુદઢ બનાવવા માટે સરકાર **‘પૂરક પ્રેષણ કાર્યક્રમ’** અને **‘પોષણ અભિયાન’નું** એકબીજામાં વિલિનીકરણ કરી **‘મિશન પોષણ 2.0’**ની જાહેરાત કરવામાં આવી છે.

- ‘મિશન પોષણ 2.0’ નામની છત્ર યોજના અંતર્ગત નીચેની યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે :
  - ➢ **આંગણવાડી સેવાઓ**
  - ➢ **પોષણ અભિયાન**
  - ➢ **કિશોરીઓ માટેની યોજનાઓ**
  - ➢ **રાષ્ટ્રીય ક્રેચ યોજનાઓ વગેરે...**

## પોષણ અભિયાન

POSHANનું પૂરું નામ **‘Prime Minister's Overarchig Scheme for Holistic Nutrition’** છે.


- પોષણ અભિયાન વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના ઝૂનઝૂનું** ખાતેથી **8 માર્ચ 2018**ના રોજ લોન્ચ કર્યું હતું.
- હેતુ :– આ મિશનનો હેતુ **0-6 વર્ષના બાળકો, કિશોરીઓ, સર્ગભા સ્ત્રીઓ** અને **સ્તનપાન** કરાવતી માતાઓની પોષણ સ્થિતિમાં સુધારો કરવાનો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિશન વાત્સલ્ય

મિશન વાત્સલ્ય એ બાળકોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું હતું.

- મિશન વાત્સલ્યની છત્ર યોજના અંતર્ગત **બાળ સુરક્ષા સેવાઓ** અને **બાળ કલ્યાણ સેવાઓનો** સમાવેશ કરવામાં આવ્યો છે.



## MONDAY Questions

1. 'World Speech Day' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

2. 'વિશ્વ સંપર્ક દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

3. 'પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 13 માર્ચ (B) 14 માર્ચ (C) 15 માર્ચ (D) 16 માર્ચ **(C)**

4. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 15 માર્ચ (B) 16 માર્ચ (C) 17 માર્ચ (D) 18 માર્ચ **(A)**

5. વર્ષ 2011ની 'વિશ્વ ગ્રાહક દિન' ની થીમ શું છે ?
(A) Consumer Justice Now (B) Tackling Plastic Pollution
(C) The Sustainable Consumer (D) Trusted Smart Products **(B)**

6. 'વિશ્વ ગાહક સુરક્ષા દિવસ' તરીકે ક્યો દિવસ ઉજવાય છે ?
(A) 24 ડિસેમ્બર (B) 20 નવેમ્બર (C) 24 જાન્યુઆરી (D) 15 ફેબ્રુઆરી **(A)**

7. વર્ષ 2020-21 વિજય હઝારે ટ્રોફીમાં કઈ ટીમ વિજેતા બની છે ?
(A) ગુજરાત (B) તમિલનાડુ (C) મુંબઈ (D) ઉત્તરપ્રદેશ **(C)**

8. તાજેતરમાં વિજય હઝારે ટ્રોફીની કેટલામી સિઝનનું આયોજન કરવામાં આવ્યું છે ?
(A) 19 (B) 18 (C) 17 (D) 16 **(A)**

9. નીચેનામાંથી કઈ ટ્રોફી 'રણજી વન–ડે ટ્રોફી' તરીકે ઓળખાય છે ?
(A) સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (B) વિજય હઝારે ટ્રોફી
(C) દુલીપ ટ્રોફી (D) દેવધર ટ્રોફી **(B)**

10. નીચેનામાંથી કઈ ટ્રોફી ઈન્ડિયા રેડ, ઈન્ડિયા બ્લુ અને ઈન્ડિયા ગ્રીનની ટીમો વચ્ચે યોજવામાં આવે છે ?
(A) ઈરાની ટ્રોફી (B) દુલીપ ટ્રોફી
(C) રણજી ટ્રોફી (D) વિજય હઝારે ટ્રોફી **(B)**

11. 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયન ક્રિકેટ' તરીકે ક્યા ક્રિકેટર સુપ્રસિદ્ધ છે ?
(A) શ્રી રણજિતસિંહજી (B) શ્રી દુલીપસિંહજી
(C) શ્રી બળવંત દેવધર (D) શ્રી વિજય હઝારે **(C)**

12. 'સ્માર્ટઅપ ઉન્નતિ પ્રોગ્રામ' તાજેતરમાં કઈ બેંક દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) ICICI (B) SBI (C) AXIS (D) HDFC **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. 'સ્માર્ટઅપ ઉન્નતિ પ્રોગ્રામ' અંતર્ગત મુખ્યત્વે કોને પ્રોત્સાહન આપવામાં આવશે ?

(A) મહિલા ઉદ્યમીઓ (B) લઘુ ઉદ્યોગોને

(C) મધ્યમ કક્ષાના ઉદ્યોગોને (D) ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓને **(A)**

14. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 3 છત્ર યોજનાઓ હેઠળ તેની તમામ મુખ્ય યોજનાઓનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે, જેમાંથી નીચેના પૈકી કઈ છત્ર યોજના ખોટી છે ?

(A) પોષણ અભિયાન (B) મિશન પોષણ 2.0


(C) મિશન વાત્સલ્ય (D) મિશન શક્તિ **(A)**

15. મિશન શક્તિ છત્ર યોજના અંતર્ગત નીચેના પૈકી કઈ યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો નથી ?

(A) વન સ્ટોપ સેન્ટર (B) બેટી બચાવો બેટી પઢાવો

(C) પ્રધાનમંત્રી માતૃવંદના યોજના (D) આંગણવાડી સેવાઓ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 63મા ગ્રેમી એવોર્ડની જાહેરાત

14 માર્ચ, 2021ના રોજ અમેરિકાના **લોસ એન્જલસ** ખાતેથી સંગીતના સૌથી ખ્યાતનામ પુરસ્કાર ગ્રેમી એવોર્ડ્ઝ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

- આ કાર્યક્રમને દક્ષિણ આફ્રિકાના કોમેડિયન **શ્રી ટ્રેવર નોઆહ** દ્વારા હોસ્ટ કરવામાં આવ્યો હતો.

### સુશ્રી બિયોન્સ 28 ગ્રેમી એવોર્ડ પ્રાપ્ત કરનારા પ્રથમ મહિલા આર્ટિસ્ટ

63મા ગ્રેમી એવોર્ડ સમારોહમાં સુશ્રી બિયોન્સ કુલ નવ કેટેગરીમાં નોમિનેટ થયા હતા જેમાંથી તેણીએ ચાર એવોર્ડ મેળવ્યા હતા.

- આ સાથે જ સુશ્રી બિયોન્સ 28 ગ્રેમી એવોર્ડ પ્રાપ્ત કરનારા પ્રથમ મહિલા આર્ટિસ્ટ બન્યા છે.

### વિવિધ શ્રેણી અંતર્ગત ગ્રેમી એવોર્ડ્સ

| | | |
|---|---|---|
| આલ્બમ ઓફ ધ યર | : | ફોક્લોર (સુશ્રી ટેલર સ્વિફ્ટનો) |
| રેકોર્ડ ઓફ ધ યર | : | એવરીથિંગ આઈ વોન્ટેડ (સુશ્રી બિલિ એલિશનો) |
| સોંગ ઓફ ધ યર | : | આઈ કાન્ટ બ્રીધ (સુશ્રી ગેબ્રિયેલા સર્મિયન્ટો વિલ્સનનું) |
| બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ | : | સુશ્રી મેગન ધી સ્ટેલિયન |
| બેસ્ટ મ્યૂઝિક ફિલ્મ | : | લિંટા રોન્સટાડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગ્રેમી એવોર્ડ

ગ્રેમી એવોર્ડ વર્ષ 1959થી અમેરિકાની **ધ રેકોર્ડિંગ એકેડેમી** દ્વારા પ્રસ્તૂત કરવામાં આવે છે.

- સંગીત ઉદ્યોગમાં મેળવેલી ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ માટે આ એવોર્ડ આપવામાં આવે છે.
- તેને **ગ્રામોફોન એવોર્ડ** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે અમેરિકાના ચાર મોટા વાર્ષિક મનોરંજન એવોર્ડમાંનો એક છે.
- ત્રણ અન્ય એવોર્ડમાં **એકેડમી એવોર્ડ (ફિલ્મ ક્ષેત્ર માટે)**, **ટોની એવોર્ડ (થિયેટર ક્ષેત્ર માટે)** અને **એમી એવોર્ડ (ટેલિવિઝન ક્ષેત્ર માટે)**નો સમાવેશ થાય છે.

## રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા મધ્યપ્રદેશના સિંગોરગઢ કિલ્લાના કાર્યોનો શિલાન્યાસ

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં મધ્યપ્રદેશમાં આવેલા સિંગોરગઢ કિલ્લાના સંરક્ષણ કાર્યોનો શિલાન્યાસ કર્યો હતો.

- સિંગોરગઢ કિલ્લો મધ્યપ્રદેશ રાજ્યના દામોહ જિલ્લાના સિંગ્રામપુર ખાતે આવેલો છે.
- આ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીએ ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણના જબલપુર સર્કલનું ઉદ્દઘાટન પણ કર્યું હતું.

### સિંગોરગઢ કિલ્લો

સિંગોરગઢ કિલ્લાઓએ મધ્યપ્રદેશના ગઢ સામ્રાજ્યનો કિલ્લો છે.

- આ કિલ્લો જંગલ વિસ્તારમાં ટેકરીઓમાં ફેલાયેલો છે.
- તે મધ્યપ્રદેશના જબલપુર શહેરથી 45 કિલોમીટરના અંતરે આવેલો એક ભવ્ય કિલ્લો છે.
- સિંગોરગઢ કિલ્લો એ મધ્ય ભારતના રાજગોંડ શાસકોનું નિવાસ સ્થાન હતું.
- આ કિલ્લો વર્તમાનમાં ખંડીત હાલતમાં છે, જેનું તાજેતરમાં સંરક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.
- વર્ષ 1564માં રાણી દુર્ગાવતીના શાસનકાળ દરમિયાન આ કિલ્લા પર યુદ્ધ થયું હતું.

### ગઢ સામ્રાજ્ય

ગઢ સામ્રાજ્યને **'ગઢ મંડલા'** અથવા **'ગઢ કટંગા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ગઢ સામ્રાજ્યની વિવિધ રાજધાનીઓમાં ગઢ, સિંગોરગઢ, ચૌરાગઢ, રામનગર અને મંડલાનો સમાવેશ થાય છે.
- આ સામ્રાજ્ય **ગોંડવાના સામ્રાજ્ય**ની ઉત્તરે આવેલું હતું.
- સુશ્રી રાણી દુર્ગાવતી એ આ સામ્રાજ્યમાં થઈ ગયેલા એક મહાન રાણી હતા.

**ICE FACT :**

(1) ગોંડવાના ક્ષેત્રમાં વિદર્ભના પૂર્વ ભાગ (મહારાષ્ટ્ર), મધ્યપ્રદેશના કેટલાક ભાગો અને છત્તીસગઢના કેટલાક પશ્ચિમ ભાગોનો સમાવેશ થાય છે. તેમજ તેમાં પશ્ચિમ ઓડિશા, ઉત્તરી તેલંગાણા અને દક્ષિણ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## DRDO એ ડીઝલ ઈલેકટ્રીક સબમરિન માટે એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમનું અંતિમ પરીક્ષણ હાથ ધર્યું

તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને (DRDO) ડીઝલ ઈલેકટ્રીક સબમરીન માટે એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમનું અંતિમ પરીક્ષણ હાથ ધર્યું હતું.

- INS કરંજ ભારતીય નેવીમાં 10 માર્ચ, 2021ના રોજ જોડાઈ હતી.

### મુખ્ય બાબતો

એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમની મદદથી સબમરીન લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકે છે.

- ભારતીય નૌસેનાએ કલવરી શ્રેણીના જહાજોમાં નોન-ન્યૂક્લિયર હુમલા માટે એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન સિસ્ટમ લગાવવાનું આયોજન કર્યું છે.

## એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP)

સબમરીન મુખ્યત્વે બે પ્રકારની હોય છે જે નીચે મુજબ છે :

(1) પરંપરાગત (Conventional)

(2) પરમાણુ (Nuclear)


- પરંપરાગત સબમરીનમાં ડીઝલ–ઈલેકટ્રીક એન્જિનનો ઉપયોગ કરવામાં આવે છે. જેને સબમરીનના ઉપયોગમાં લેવામાં આવતા બળતણના દહન માટે વાતાવરણીય ઓક્સિજન મેળવવા માટે દરરોજ સપાટી પર લાવવી પડે છે.
- જો તેની સાથે એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમ જોડવામાં આવે તો સબમરીનને અઠવાડિયામાં માત્ર એકવાર ઓક્સિજન લેવાની જરૂરિયાત રહે છે.
- આ ટેક્નોલોજીનો વિકાસ ભારતમાં DRDO દ્વારા કરવામાં આવ્યો છે.
- વર્તમાનમાં ફ્રાન્સ, ચીન, અમેરિકા, યુ.કે. અને રશિયા જેવા દેશો આ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.
- આ ટેક્નોલોજીમાં ફોસ્ફોરિક એસિડ ફ્યુઅલ સેલનો ઉપયોગ કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કલવરી શ્રેણીની સબમરીન

કલવરી શ્રેણીની સબમરીનનું વજન 1615 ટન હોય છે.

- આ સબમરીન ફ્રેન્ચ નેવલ ગ્રુપના સહયોગથી મઝગાંવ ડોકયાર્ડ્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી રહી છે.
- આ સબમરીન સ્કોર્પિયન ડિઝાઈન પર આધારિત છે.

1. તાજેતરમાં કેટલામા ગ્રેમી એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે ?

(A) 63 (B) 62 (C) 64 (D) 65 — (A)

2. 28 ગ્રેમી એવોર્ડ પ્રાપ્ત કરનાર પ્રથમ મહિલા આર્ટિસ્ટનું નામ જણાવો ?

(A) સુશ્રી ટેલર સ્વિફ્ટ (B) સુશ્રી બિયોન્સ

(C) સુશ્રી બિલી એલિશ (D) સુશ્રી મેગન ધી સ્ટેલિયન — (B)

3. ગ્રામોફોન એવોર્ડ તરીકે નીચેના પૈકી કયા એવોર્ડને ઓળખવામાં આવે છે ?

(A) ટોની એવોર્ડ (B) એમી એવોર્ડ (C) એકેડમી એવોર્ડ (D) ગ્રેમી એવોર્ડ — (D)

4. સિંગોરગઢ કિલ્લો કયા રાજ્યમાં આવેલો છે ?

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) આંધ્રપ્રદેશ — (C)

5. મધ્યપ્રદેશના સિંગોરગઢ કિલ્લાના કાર્યોનો શિલાન્યાસ તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?

(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(C) શ્રી વૈંકેયા નાયડુ (D) શ્રી અમિતભાઈ શાહ — (A)

6. નીચે પૈકી સાચા વિધાનો જણાવો ?

1. ગઢ સામ્રાજ્યને 'ગઢ મંડલા' અથવા 'ગઢ કટંગા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

2. DRDO દ્વારા તાજેતરમાં ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીન માટે એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમનું પરીક્ષણ કર્યુ છે.

3. એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન (AIP) સિસ્ટમમાં ફોસ્ફોરિક એસિડ ફ્યુઅલ સેલનો ઉપયોગ કરવામાં આવે છે.

(A) 1, 2 (B) 1, 2, 3 (C) 1, 3 (D) 2, 3 — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય કેબિનેટ દ્વારા રૂ. 20,000 કરોડના મૂડીરોકાણ સાથે ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશનને મંજૂરી

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે રૂ. 20,000 કરોડના મૂડી રોકાણ સાથે 'ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટશન' (DFI)ની સ્થાપનાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

- આ અંગેની જાહેરાત કેન્દ્રીય નાણામંત્રી સુશ્રી નિર્મલા સીતારામન દ્વારા 16 માર્ચ, 2021ના રોજ કરવામાં આવી હતી.
- દેશમાં માળખાગત વિકાસને વેગ આપવા માટે આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

### પૃષ્ઠભૂમિ

DFI અંગેની જાહેરાત કેન્દ્રીય નાણામંત્રી દ્વારા 1 ફેબ્રુઆરી, 2021ના રોજ રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટ 2021-22માં કરવામાં આવી હતી.

- આ જાહેરાત બાદ, નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) હેઠળ લગભગ 7,000 પ્રોજેક્ટ્સની ઓળખ કરવામાં આવી છે. આના માટે કેન્દ્ર સરકારે વર્ષ 2020-25ના સમયગાળા દરમિયાન 111 લાખ કરોડ રૂપિયાના રોકાણનો અંદાજ મૂક્યો છે.

### વિકાસ નાણાં સસ્થા (Development Finanace Institute)

લાંબા ગાળાના સમયગાળા માટે નાણાકીય ભંડોળ એકઠું કરવા માટે વિકાસ નાણાં સંસ્થા (DFI)ની સ્થાપના કરવામાં આવી રહી છે.

- 10 વર્ષના સમયગાળા માટે DFI પર કેટલાક કર (Tax) લાભો પણ પ્રાપ્ત થશે.
- DFIની સ્થાપના માટે શરૂઆતમાં રૂ. 5,000 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવશે અને જો જરૂર પડે તો વધારાની સહાય રૂ. 5,000 કરોડની મર્યાદામાં કરવામાં આવશે.
- પ્રારંભિક તબક્કામાં સ્થાપવામાં આવનાર આ નવી સંસ્થા કેન્દ્ર સરકારની માલિકીની રહેશે જ્યારે પછીના તબક્કામાં કેન્દ્ર સરકારનો હિસ્સો વિનિવેશ કરીને 26 ટકા જેટલો કરવામાં આવશે.
- DFI દ્વારા આગામી 3 વર્ષમાં રૂ. 5 લાખ કરોડનું ધિરાણ કરવાનો ટાર્ગેટ છે.

### DFI માટે બોર્ડની રચના

DFI માટે અલગ બોર્ડની રચના કરવામાં આવશે જેમાં નાણાકીય ક્ષેત્રના નિષ્ણાતોને સ્થાન આપવામાં આવશે.

- આ બોર્ડના 50 ટકા સભ્યો નોન–ઓફિશિયલ ડિરેક્ટર હશે.

**ICE FACTS :**

(1) વિકાસ નાણાં સંસ્થાએ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં વિકાસના પ્રોજેક્ટ માટે નાણાં પ્રદાન કરવા માટે સ્થાપવામાં આવતી ખાસ સંસ્થાઓ છે.

(2) આ પ્રકારની બેંકો (સંસ્થાઓ) માટે મૂડીનો સ્ત્રોત રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય વિકાસ ભંડોળ હોય છે.

(3) વિકાસ નાણાં સંસ્થા અર્થવ્યવસ્થાના નોંધપાત્ર ક્ષેત્રોમાં નાણાકીય મદદ પ્રદાન કરે છે.

(4) ભારતની પ્રથમ DFI ઈન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સિયલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (IFCI)ની સ્થાપના વર્ષ 1948માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACTS :**

(1) વિકાસ નાણાં સંસ્થાએ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં વિકાસના પ્રોજેક્ટ માટે નાણાં પ્રદાન કરવા માટે સ્થાપવામાં આવતી ખાસ સંસ્થાઓ છે.

(2) આ પ્રકારની બેંકો (સંસ્થાઓ) માટે મૂડીનો સ્ત્રોત રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય વિકાસ ભંડોળ હોય છે.

(3) વિકાસ નાણાં સંસ્થા અર્થવ્યવસ્થાના નોંધપાત્ર ક્ષેત્રોમાં નાણાકીય મદદ પ્રદાન કરે છે.

(4) ભારતની પ્રથમ DFI ઈન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સિયલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (IFCI)ની સ્થાપના વર્ષ 1948માં કરવામાં આવી હતી.

## ઈસરો અને નાસાએ પૃથ્વી નિરીક્ષણ સેટેલાઈટ મિશન માટે સિન્થેટિક અપર્ચર રડારનો વિકાસ કર્યો

ભારતીય અવકાશ એજન્સી, ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) અને અમેરિકન અવકાશ એજન્સી, નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનીસ્ટ્રેશન (NASA)એ એકબીજાના સહયોગથી સિન્થેટિક અપર્ચર રડાર (SAR)નો વિકાસ કર્યો છે.

- સિન્થેટિક અપર્ચર રડાર એ પૃથ્વીની ઉચ્ચ–રિઝોલ્યુશન છબીઓ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.
- નાસા અને ઈસરોના આ સહયોગને નાસા–ઈસરો SAR (NISAR) તરીકે ઓળખવામાં આવે છે.

### નાસા-ઈસરો SAR (NISAR)

NISARએ <u>પૃથ્વી નિરીક્ષણ</u> માટેનું પ્રથમ સેટેલાઈટ મિશન છે જે <u>L-બેન્ડ</u> અને <u>S-બેન્ડ</u> નામની રડારની બે જુદી–જુદી આવૃત્તિઓનો ઉપયોગ કરશે.

- રડારની આ આવૃત્તિની મદદથી પૃથ્વીની સપાટી પરના એક સેન્ટિમીટરથી પણ ઓછી ઊંચાઈ પરના પરિવર્તનોને માપી શકાશે.
- આ મિશન <u>વર્ષ 2022</u>માં <u>આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્પેસપોર્ટ</u> પરથી શરૂ કરવામાં આવશે.
- આ મિશન માટે ઉપયોગમાં લેવામાં આવનાર પેલોડને અગાઉ જ અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) ખાતેથી નાસાની જેટ પ્રપલ્શન લેબોરેટરી (JPL)માં મોકલવામાં આવ્યો હતો.

### ઈસરો-નાસા સહયોગ

નાસા આ મિશન માટે <u>L-બેન્ડ SAR પ્રદાન</u> કરી રહ્યું છે.

- SAR એ એક અત્યાધુનિક માહિતી પ્રોસેસિંગ તકનીક છે જેનો ઉપયોગ ઉચ્ચ–રીઝોલ્યુશન ધરાવતી છબીઓ પ્રાપ્ત કરવા માટે થાય છે. તે GPS રીસીવરો, વિજ્ઞાન ડેટા, પેલોડ ડેટા તથા સબસિસ્ટમ અને સોલિડ સ્ટેટ રેકોર્ડર માટેની ઉચ્ચ–દરની કમ્યુનિકેશન સબસિસ્ટમ છે.
- બીજી તરફ ઈસરો દ્વારા <u>S-બેન્ડ રડાર સ્પેસક્રાફ્ટ બસ</u>, <u>પ્રક્ષેપણ વાહન</u> અને <u>અન્ય પ્રક્ષેપણ સેવાઓ</u> પ્રદાન કરવામાં આવી રહી છે.
- ઈસરોનો ઉદ્દેશ રડાર ઈમેજિંગની મદદથી જમીનની સપાટીના કારણો અને પરિણામોનું વૈશ્વિક માપન કરવાનો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**ICE FACT :**

(1) 30 સપ્ટેમ્બર, 2014ના રોજ NISAR સેટેલાઈટના વિકાસ અને પ્રક્ષેપણ માટે અંતરિક્ષ એજન્સીઓ નાસા અને ઈસરો વચ્ચે કરારો થયા હતા.

### NISARનો ઉપયોગ

નિસાર મિશન દ્વારા ઈકોસિસ્ટમમાં વિક્ષેપ, બરફની ચાદરનું ઘસવું તેમજ કુદરતી આફતો જેવી કે જ્વાળામુખી, ભૂસ્ખલન, ભૂકંપ અને ત્સુનામી અંગે માહિતી મળશે.

- આ મિશન બાયોગેસ, પ્રાકૃતિક જોખમો, ભૂગર્ભજળ અને સમુદ્ર સપાટીના વધારાને લગતી માહિતી પ્રદાન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાનો જણાવો.

1. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતરમાં રૂ. 20,000 કરોડના મૂડી રોકાણ સાથે ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂટને મંજૂરી આપવામાં આવી.
2. ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂટની સ્થાપના અંગેની જાહેરાત કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત કરવામાં આવી હતી.
3. લાંબાગાળાના સમયગાળા માટે નાણાકીય ભંડોળ એકઠું કરવા માટે વિકાસ નાણાં સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
4. વિકાસ નાણા સંસ્થાએ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં વિકાસના પ્રોજેક્ટ માટે નાણાં પ્રદાન કરવા માટે સ્થાપવામાં આવતી ખાસ સંસ્થાઓ છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 **(A)**

2. ભારતની પ્રથમ Development Finance Institute (DFI) કઈ છે ?

(A) ICICI (B) HDFC (C) IFCI (D) IFSC **(C)**

3. NISAR મિશનએ કઈ બે આંતરરાષ્ટ્રીય અવકાશ સંસ્થાઓ વચ્ચેનું સંયુક્ત મિશન છે ?

(A) નાસા, રોસ્કોસ્મોસ (B) નાસા, યુરોપિયન સ્પેસ એજન્સી
(C) નાસા, ઈસરો (D) ઈસરો, રોસ્કોસ્મોસ **(C)**

4. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાનો જણાવો.

1. ઈસરો અને નાસાએ પૃથ્વી નિરીક્ષણ સેટેલાઈટ મિશન માટે સિન્થેટિક અપર્ચર રડારનો વિકાસ કર્યો છે.
2. સિન્થેટિક અપર્ચર રડાર (SAR) એ પૃથ્વીની ઉચ્ચ–રિઝોલ્યુશન છબીઓ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.
3. NISAR મિશન અંતર્ગત પૃથ્વી નિરીક્ષણ માટે L–બેન્ડ અને S–બેન્ડ નામની રડારની બે જુદી–જુદી આવૃત્તિઓનો ઉપયોગ કરવામાં આવશે.
4. NISAR મિશન માટે ઈસરો દ્વારા S-બેન્ડ રડાર પ્રદાન કરવામાં આવી રહ્યું છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 માર્ચ, ઓર્ડેનન્સ ફેક્ટરીઝ દિવસ

18 માર્ચ, 1801ના રોજ કોલકાત્તા નજીક કોસિપુર ખાતે બ્રિટિશ શાસનકાળમાં ભારતની પ્રથમ ઓર્ડેનન્સ ફેકટરીઝની સ્થાપના કરવામાં આવી હતી. જેના સ્મરણાર્થે દર વર્ષે ઓર્ડેનન્સ ફેકટરીઝ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વર્તમાનમાં, દેશમાં **41 ઓર્ડેનન્સ ફેક્ટરી**ઓ આવેલી છે.
- ઓર્ડેનન્સ ફેકટરીઓનું સંચાલન **ઓર્ડેનન્સ ફેક્ટરી બોર્ડ** દ્વારા કરવામાં આવે છે.

### ઓર્ડેનન્સ ફેક્ટરી બોર્ડ

ઓર્ડેનન્સ ફેકટરી બોર્ડ (OFB) **કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય** હેઠળ કાર્યરત છે.

- તે સૌથી મોટી અને સૌથી જૂની સરકાર સંચાલિત સંરક્ષણ સંસ્થા છે. આ બોર્ડને હંમેશા સંરક્ષણનો ચોથો હાથ કહેવામાં આવે છે.
- તેનું મુખ્યમથક **કોલકત્તાના આયુધભવન** ખાતે આવેલું છે.
- તે સંરક્ષણના નાના હથિયારો, રસાયણો, વિસ્ફોટકો, ગ્રેનેડો તેમજ એન્ટી ટેન્ક વગેરેના ઉત્પાદન માટે જવાબદાર સંસ્થા છે.

## વર્ષ 2019ની ગુજરાતી ફિલ્મોના પુરસ્કાર જાહેર

ગુજરાત રાજ્ય સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ** દ્વારા **વર્ષ 2019**માં બનેલી ગુજરાતી ફિલ્મો માટે **વિવિધ 45 જેટલી કેટેગરી** માટે એવોર્ડ જાહેર કર્યા છે.

- જે અંતર્ગત **'હેલ્લારો'** ફિલ્મને સૌથી વધુ **15** કેટેગરીમાં શ્રેષ્ઠ પુરસ્કાર પ્રાપ્ત થયા છે.
- તેમજ આ અંતર્ગત **21 હજારથી લઈને 2.5 લાખ** સુધીના રોકડ પુરસ્કારો વિવિધ શ્રેણી હેઠળ આપવામાં આવ્યા હતા.
- ચલચિત્ર ભલામણ સમિતિ દ્વારા થયેલી ભલામણના આધારે આ પુરસ્કારો જાહેર કરવામાં આવ્યાં છે.

### વિવિધ કેટેગરી અંતર્ગત શ્રેષ્ઠ પુરસ્કારો

| | | |
|---|---|---|
| શ્રેષ્ઠ ચલચિત્ર નિર્માતા | : | સારથી પ્રોડકશન, હેલ્લારો ફિલ્મ માટે |
| શ્રેષ્ઠ ચલચિત્ર દિગ્દર્શક | : | શ્રી અભિષેક શાહ, હેલ્લારો ફિલ્મ માટે |
| શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર નિર્માતા | : | કોકોનટ મોશન પિકચર્સ, ચાલ જીવી લઈએ ફિલ્મ માટે |
| મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ચલચિત્ર નિર્માતા | : | સારથી પ્રોડકશન, હેલ્લારો માટે |
| મહિલા સશક્તિકરણના શ્રેષ્ઠ ચલચિત્ર દિગ્દર્શક | : | શ્રી અભિષેક શાહ, હેલ્લારો માટે |
| શ્રેષ્ઠ અભિનેતા | : | શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા, ચાલ જીવી લઈએ માટે |
| શ્રેષ્ઠ અભિનેત્રી | : | સુશ્રી આરોહી પટેલ, ચાલ જીવી લઈએ માટે |
| શ્રેષ્ઠ પાર્શ્વગાયક | | શ્રી આદિત્ય ગઢવી, સપના વિનાની રાત (હેલ્લારો ફિલ્મ) |
| શ્રેષ્ઠ પાર્શ્વ ગાયિકા | : | સુશ્રી ભૂમિ ત્રિવેદી, વાગ્યો રે ઢોલ (હેલ્લારો ફિલ્મ) |

## ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'દસ્તલિક-2'નું ઉત્તરાખંડમાં આયોજન

તાજેતરમાં ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે 9 માર્ચ, 2021થી 21 માર્ચ, 2021 દરમિયાન **ઉત્તરાખંડના ચૌબાતિયા** ખાતે સંયુક્ત લશ્કરી કવાયત 'દસ્તલિક–2' નું આયોજન કરવામાં આવ્યું છે.

### કવાયતનો હેતુ

આ કવાયતનો હેતુ સંયુક્ત રાષ્ટ્રના આદેશ અનુસાર પર્વતીય, ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આતંકવાદ પ્રવૃતિઓ અને બળવા વગેરે ઘટાડવાનો છે.

### દસ્તલિકની પ્રથમ આવૃતિ

નવેમ્બર, 2019માં **ઉઝબેકિસ્તાનના તાશ્કંદ** ખાતે દસ્તલિકની પ્રથમ સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું.

### મહત્વ

ઉઝબેકિસ્તાનએ ભારત માટે સલામતી અને મધ્ય એશિયન ક્ષેત્ર સાથેના જોડાણ માટે મહત્વપૂર્ણ છે.

**અન્ય દેશો સાથે ભારતની સંયુક્ત લશ્કરી કવાયતો**

| ક્રમ | કવાયતનું નામ | દેશ |
|---|---|---|
| 1. | ગરૂડ શક્તિ | ઈન્ડોનેશિયા |
| 2. | એકુવેરિન | માલદીવ્સ |
| 3. | હેન્ડ–ઈન–હેન્ડ | ચીન |
| 4. | બોલ્ડ કુરૂક્ષેત્ર | સિંગાપોર |
| 5. | મિત્ર શક્તિ | શ્રીલંકા |
| 6. | નોમિડિક એલિફેન્ટ | મોંગોલિયા |
| 7. | શક્તિ | ફ્રાન્સ |
| 8. | સૂર્યકિરણ | નેપાળ |
| 9. | યુદ્ધઅભ્યાસ | અમેરિકા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય કેબિનેટ દ્વારા પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિને મંજૂરી

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિ (PMSSN)ને મંજૂરી આપી છે.

- નાણા અધિનિયમ, 2007ની કલમ 136-b હેઠળ વસૂલવામાં આવતાં આરોગ્ય અને શિક્ષણના ઉપકર(Cess)માંથી આરોગ્યના હિસ્સા માટે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિને મંજૂરી આપવામાં આવી છે.

### પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિ

પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિ (PMSSN) એ કેન્દ્ર સરકારના જાહેર ખાતા (Public Account) અંતર્ગત સ્વાસ્થ્ય માટેનું બિન-લેપ્સેબલ (non-lapsable) અનામત ભંડોળ છે.

- આ ભંડોળ અંતર્ગત આરોગ્ય અને શિક્ષણ ઉપકરમાંથી થતી આવકોને પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિમાં જમા કરવામાં આવશે.
- પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિમાં જમા થનાર આવકોનો ઉપયોગ કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયની મુખ્ય યોજનાઓ માટે કરવામાં આવશે જે નીચે મુજબ છે :
  - ❖ આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)
  - ❖ આયુષ્યમાન ભારત– હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ
  - ❖ નેશનલ હેલ્થ મિશન
  - ❖ આરોગ્ય કટોકટી દરમિયાન વગેરે માટે

### પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિનો વહીવટ

PMSSNનો વહીવટ અને સંચાલનની કામગીરી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મહત્વ

સાર્વત્રિક અને સસ્તા આરોગ્ય સંભાળ માટે ઉન્નત વપરાશની ખાતરી આ ફંડ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે.

- તેની મદદથી આરોગ્ય સંભાળની પહોંચમાં વધારો થશે.

**ICE FACT :**

(1) બિન–લેપ્સેબલ ફંડએ એવું ફંડ છે જે જેતે નાણાકીય વર્ષમાં અમુક યોજનાઓ માટે વાપરવામાં આવે છે.

1. 'ઓર્ડેનન્સ ફેકટરીઝ દિવસ'ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે ?
(A) 18 માર્ચ (B) 17 માર્ચ (C) 16 માર્ચ (D) 19 માર્ચ — (A)

2. ભારતની પ્રથમ ઓર્ડેનન્સ ફેકટરીની સ્થાપના કયા કરવામાં આવી હતી ?
(A) મુંબઈ નજીક (B) વિશાખાપટ્ટનમ નજીક
(C) હૈદરાબાદ નજીક (D) કોલકાત્તા નજીક — (D)

3. વર્તમાનમાં ભારતમાં કુલ કેટલી ઓર્ડેનન્સ ફેકટરીઓ આવેલી છે ?
(A) 40 (B) 41 (C) 39 (D) 38 — (B)

4. ઓર્ડેનન્સ ફેકટરી બોર્ડ કયા કેન્દ્રીય મંત્રાલય અંતર્ગત કાર્યરત છે ?
(A) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (B) ગૃહમંત્રાલય
(C) સંરક્ષણ મંત્રાલય (D) રેલવે મંત્રાલય — (C)

5. ઓર્ડેનન્સ ફેકટરી બોર્ડનું મુખ્યમથક કયા આવેલું છે?
(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) કોલકાત્તા (D) પટના — (C)

6. તાજેતરમાં વર્ષ 2019ની ગુજરાતી ફિલ્મોના પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા છે, આ અંતર્ગત કઈ ગુજરાતી ફિલ્મને સૌથી વધુ પુરસ્કાર પ્રાપ્ત થયા છે ?
(A) હેલ્લારો (B) ચાલ જીવી લઈએ (C) રેવા (D) શું થયું ? — (A)

7. તાજેતરમાં વર્ષ 2019ના શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મો માટે પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા છે, આ અંતર્ગત શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર કોને આપવામાં આવ્યો છે ?
(A) શ્રી મલ્હાર ઠાકર (B) શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા
(C) શ્રી પ્રતિક ગાંધી (D) શ્રી જયેશ મોર — (B)

8. તાજેતરમાં ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'દસ્તલિક–2 ' નું આયોજન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) મેઘાલય (C) ઉત્તરાખંડ (D) રાજસ્થાન — (C)

9. સંયુક્ત લશ્કરી કવાયત 'એકુવેરિન'નું આયોજન ભારત દ્વારા કયા દેશ સાથે કરવામાં આવે છે ?
(A) ચીન (B) માલદીવ્સ (C) સિંગાપોર (D) શ્રીલંકા — (B)

10. સંયુક્ત લશ્કરી કવાયત 'શક્તિ'નું આયોજન ભારત દ્વારા કયા દેશ સાથે કરવામાં આવે છે ?
(A) ઈન્ડોનેશિયા (B) ફ્રાન્સ (C) શ્રીલંકા (D) નેપાળ — (B)

11. નીચે આપેલા વિધાનો માંથી સાચા વિધાનો જણાવો ?
1. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા નિધિ (PMSSN)ને મંજૂરી આપવામાં આવી છે.
2. PMSSN એ એક બિન–લેપ્સેબલ અનામત ભંડોળ છે.
3. PMSSN અંતર્ગત ભંડોળનો ઉપયોગ આયુષ્યમાન ભારત, નેશનલ હેલ્થ મિશન અને આરોગ્ય કટોકટી દરમિયાન કરવામાં આવશે.
(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રીજી સ્કોર્પિયન ક્લાસની સબમરીન INS કરંજ ભારતીય નૌકાદળમાં સેવારત

તાજેતરમાં ભારતીય નૌકાદળની **ત્રીજી સ્કોર્પિયન વર્ગની** સબમરીન **INS કરંજ** **નેવલ ડોકયાર્ડ મુંબઇ** ખાતે સેવારત કરવામાં આવી છે.

- INS કરંજને **મુંબઇ** ખાતે પૂર્વ નૌકાદળના ચીફ એડમિરલ **શ્રી વી.એસ. શેખાવત** દ્વારા લીલીઝંડી આપવામાં આવી હતી. તેઓ વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન INS કરંજના આગળના સંસ્કરણના કમાન્ડિંગ ઓફિસર હતા.

### INS કરંજ

INS કરંજએ **પ્રોજેક્ટ-75** અંતર્ગત વિકસાવવામાં આવી રહેલ **છ સ્કોર્પિયન વર્ગની સબમરીન**નો એક ભાગ છે.

- તે છ કલવરી વર્ગની સબમરીનની પ્રથમ બેંચની ત્રીજી સબમરીન છે.
- આ સબમરીન ડીઝલ ઈલેક્ટ્રીક એટેક સબમરીન છે જે **સ્કોર્પિયન વર્ગ** પર આધારિત છે.
- તે **ફ્રેન્ચ નેવલ ડિફેન્સ એન્ડ એનર્જી ગ્રૂપ** દ્વારા **ડિઝાઈન** કરવામાં આવી છે અને તેનું મેન્યુફેક્ચરિંગ **મઝગાંવ ડોક લિમિટેડ** દ્વારા કરવામાં આવ્યું છે.
- આ સબમરીનના નિર્માણ માટે **ફ્રાન્સ નેવલ ગ્રુપ** દ્વારા **ટેક્નોલોજી ટ્રાન્સફર** કરવામાં આવી છે.

**ICE FACTS :**

(1) અગાઉની INS કરંજને વર્ષ 1969માં કાર્યાન્વિત કરવામાં આવી હતી, જે એક **રશિયન મૂળ**ની સબમરીન હતી. તેણે વર્ષ 2003 સુધી 34 વર્ષ દેશની સેવા કરી હતી.

(2) INS કરંજનું નામ **‘કરંજા દ્વિપ’** પરથી રાખવામાં આવ્યું છે. જેને **‘ઉરણ-ટાપુ’** તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ટાપુ **મહારાષ્ટ્રના રાયગડ જિલ્લા**માં આવેલો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રોજેક્ટ-75

પ્રોજેક્ટ–75 એ ભારતીય નૌકાદળનો એક પ્રોગ્રામ છે જેના અંતર્ગત **6 સ્કોર્પિયન ક્લાસ**ની **એટેક સબમરીન** વિકસાવવામાં આવી રહી છે.

- ફ્રાન્સ નેવલ ગ્રૂપ દ્વારા ટેક્નોલોજી ટ્રાન્સફરની મદદથી મુંબઈના **મઝગાંવ ડોક લિમિટેડ** (MDL) ખાતે 6 સ્કોર્પિયન વર્ગની સબમરીનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- પ્રોજક્ટ–75 હેઠળ **INS કલવરી નામના વર્ગની પ્રથમ સબમરીન** ડિસેમ્બર, 2017માં લોન્ચ કરવામાં આવી હતી.
- આ પ્રોજેક્ટ અંતર્ગતની **બીજી સબમરીન INS ખંડેરી** સપ્ટેમ્બર, 2019માં લોન્ચ કરવામાં આવી હતી.
- તેમજ આ પ્રોજેક્ટ હેઠળની ચોથી સબમરીન **‘INS વેલા’** મે, 2019માં લોન્ચ કરવામાં આવી હતી.
- તેમજ પાંચમી સ્કોર્પિયન **‘INS વાગીર’** નવેમ્બર, 2020માં લોન્ચ કરવામાં આવી હતી.
- અને છેલ્લી સબમરીન **INS વાગશીર** મેન્યૂફેક્ચરિંગના તબક્કામાં છે.

### સ્કોર્પિયન શ્રેણીની સબમરીન

પ્રોજેક્ટ–75 અંતર્ગત સ્કોર્પિયન શ્રેણીની સબમરીન <u>ડીઝલ-ઈલેક્ટ્રીક પ્રપલ્શન</u> સિસ્ટમ દ્વારા સંચાલિત છે.

- આ સબમરીનો <u>1,500 ટન સુધીનું વજન</u> ધરાવે છે અને સમુદ્રમાં <u>300 મીટરની ઊંડાઈ</u> સુધી જઈ શકે છે.

## શ્રી અમિતાભ બચ્ચનને 'FIAF એવોર્ડ 2021'

19 માર્ચ, 2021ના રોજ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ફિલ્મ આર્કાઈવ્સ (FIAF) અને વિશ્વભરના ફિલ્મ આર્કાઈવ્સ સંગ્રહાલયોના વિશ્વ વ્યાપી સંગઠન દ્વારા શ્રી અમિતાભ બચ્ચનને FIAF એવોર્ડ 2021 થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- શ્રી અમિતાભ બચ્ચનનું નામાંકન FIAFની સંલગ્ન સંસ્થા <u>ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન</u> દ્વારા આ પુરસ્કાર માટે કરવામાં આવ્યું હતું.
- આ સંસ્થા ફિલ્મ નિર્માતા <u>શ્રી શિવેન્દ્રસિંહ ડુંગરપુર</u> દ્વારા સ્થાપવામાં આવી હતી.
- તેમજ આ સંસ્થા ભારતીય ફિલ્મ ધરોહરની જાળવણી, પુનઃસ્થાપન, દસ્તાવેજ, પ્રદર્શન અને અભ્યાસ માટે સમર્પિત છે.

### કોના દ્વારા શ્રી અમિતાભ બચ્ચનને પુરસ્કાર ?

ફિલ્મ નિર્માતા શ્રી માર્ટિન સ્કોર્સી અને શ્રી ક્રિસ્ટોફર નોલાન દ્વારા FIAF એવોર્ડ 2021 શ્રી અમિતાભ બચ્ચનને આપવામાં આવ્યો છે. આ બંને વ્યક્તિઓને અગાઉ આ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

- શ્રી અમિતાભ બચ્ચનને ફિલ્મ ઉદ્યોગમાં તેમના સમર્પણ અને ફિલ્મી વારસાની જાળવણીમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવી રહ્યાં છે.

### ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ફિલ્મ આર્કાઈવ્સ (FIAF)

FIAFની સ્થાપના <u>વર્ષ 1938</u>માં પેરિસ ખાતે શ્રી <u>સિનેમેથીક ફ્રેન્કેઈસ</u> દ્વારા કરવામાં આવી હતી.

- તે વિશ્વભરમાં ચલચિત્રના વારસાના ક્ષેત્રમાં કાર્ય કરતી અગ્રણી સંસ્થાઓને સાથે લાવે છે.
- તેના સહયોગી સંગઠનોએ આ સંસ્થાને <u>'Defenders of the twentieth century's own art form'</u> તરીકે વર્ણવી છે.
- નવેમ્બર <u>2020</u> સુધીમાં આ સંસ્થા સાથે 80 દેશોની 172 ફિલ્મ હેરિટેજ ઈન્સ્ટિટયૂશનો સંકળાયેલી છે.

**ICE FACT :**

(1) FIAF એવોર્ડની શરૂઆત વર્ષ 2001થી કરવામાં આવેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વનું સૌથી શક્તિશાળી સુપર કોમ્પ્યૂટર જાપાનનું 'ફુગાકુ'

<u>રિકેન</u> અને <u>ફુજિત્સુ</u> નામની જાપાનીઝ વૈજ્ઞાનિક સંસ્થાઓએ 6 વર્ષ પહેલા <u>'ફુગાકુ'</u> નામના સુપર કોમ્પ્યૂટર વિકસાવવાની શરૂઆત કરી હતી.


- તે <u>વિશ્વનું સૌથી શક્તિશાળી</u> સુપર કોમ્પ્યુટર છે.
- હવે આ સુપર કોમ્પ્યૂટર જાપાનમાં સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયું છે અને તે <u>સંશોધનના</u> ઉપયોગ માટે પણ ઉપલબ્ધ છે.
- આ સુપર કોમ્પ્યૂટર જાપાનમાં કમ્પ્યૂટિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર મજબૂત કરવાના ઉદ્દેશથી વિકસાવવામાં આવ્યું છે.
- એપ્રિલ, 2020માં કોવિડ–19 મહામારીની લડતમાં વિશેષ પરિયોજનાઓ માટે આ સુપર કોમ્પ્યૂટરનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- હવે, આ સુપર કોમ્પ્યૂટર સંશોધન કાર્ય માટે ઉપલબ્ધ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ફુગાકુ વિશે

ફુગાકુ સુપર કોમ્પ્યૂટરનું નામ <u>'માઉન્ટ ફુજી'</u> પરથી રાખવામાં આવ્યું છે.

- આ સુપર કોમ્પ્યૂટર <u>442 પેટા ફ્લોફ્સ</u>ની ઝડપ ધરાવે છે.
- તે સંશોધનાત્મક પ્રવૃત્તિઓના વિકાસ માટે વિકસાવવામાં આવેલ છે.
- ફુગાકુ સુપર કોમ્પ્યૂટર બેન્ચમાર્ક ઈન્ડેક્સ અંતર્ગત Top-500ની યાદીમાં પ્રથમ ક્રમાંકે આવેલું છે.
- આ સુપર કોમ્પ્યૂટરની મદદથી <u>'અલ્ટ્રા-સ્માર્ટ સોસાયટી 5.0'</u> ના નિર્માણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.



# FRIDAY Questions

1. INS કરંજએ કેટલામી સ્કોર્પિયન કલાસની સબમરીન છે ?

(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી — (B)

2. તાજેતરમાં ત્રીજી સ્કોર્પિયન કલાસની સબમરીન INS કરંજને કયા સ્થળે સેવારત કરવામાં આવી છે ?

(A) મુંબઈ (B) ગોવા (C) કોલકાત્તા (D) વિશાખાપટ્ટનમ — (A)

3. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાનો જણાવો ?

1. INS કરંજએ પ્રોજેક્ટ– 75 અંતર્ગત વિકસાવવામાં આવેલ છે.
2. INS કરંજનું મેન્યૂફેકચરિંગ મઝગાંવ ડોક લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
3. INS કરંજના નિર્માણ માટે ફ્રાન્સ નેવલ ગ્રૂપ દ્વારા ટેક્નોલોજી ટ્રાન્સફર કરવામાં આવી છે.
4. INS કરંજનું નામ મહારાષ્ટ્રના ‘કરંજા દ્વિપ’ પરથી રાખવામાં આવ્યું છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 — (C)

4. નીચે આપેલા સાચા વિધાનો જણાવો ?

1. પ્રોજેક્ટ– 75 અંતર્ગત 6 સ્કોર્પિયન કલાસની એટેક સબમરીન વિકસાવવામાં આવી રહી છે.
2. પ્રોજેક્ટ– 75 હેઠળ પ્રથમ સબમરીન INS કલવરી વર્ગની છે.
3. પ્રોજેક્ટ– 75 હેઠળ છઠ્ઠી સબમરીન INS વાગશીર છે.
4. પ્રોજેક્ટ– 75 અંતર્ગત સ્કોર્પિયન શ્રેણીની સબમરીન ડીઝલ –ઈલેકટ્રીક પ્રપલ્શન સિસ્ટમ દ્વારા સંચાલિત છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 — (C)

5. તાજેતરમાં કયા ભારતીય અભિનેતાને FIAF એવોર્ડ 2021 આપવામાં આવ્યો છે ?

(A) શ્રી ધર્મેન્દ્ર (B) શ્રી સની દેઓલ
(C) શ્રી અમિતાભ બચ્ચન (D) શ્રી અનુપમ ખેર — (C)

6. વિશ્વનું સૌથી શક્તિશાળી સુપર કોમ્પ્યૂટર ‘ફૂગાકુ’ એ કયા દેશ દ્વારા વિકસાવવામાં આવ્યું છે ?

(A) નેધરલેન્ડ (B) જાપાન (C) અમેરિકા (D) ચીન — (B)

7. નીચે આપેલા વિધાનો પૈકી સાચા વિધાનો જણાવો ?

1. રિકેન અને ફુજિત્સુ નામની જાપાનીઝ વૈજ્ઞાનિક સંસ્થાઓએ 6 વર્ષ પહેલા ‘ફુગાકુ’ નામના સુપર કોમ્પ્યૂટર વિકસાવવાની શરૂઆત કરી હતી.
2. ફુગાકુ સુપર કોમ્પ્યૂટરનું નામ ‘માઉન્ટ ફુજી’ પરથી રાખવામાં આવ્યું છે.
3. આ સુપર કમ્પ્યૂટર 442 પેટાફ્લોપ્સની ઝડપ ધરાવે છે.
4. ફુગાકુની મદદથી ‘અલ્ટ્રા સ્માર્ટ સોસાયટી 5.0ના નિર્માણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 20 માર્ચ : (1) આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ (International Happiness Day)
(2) વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day)
(3) આંતરરાષ્ટ્રીય જ્યોતિષ વિદ્યા દિવસ (International Astrology Day)
(4) વાર્તા કહેવાનો વૈશ્વિક દિવસ (World Story Telling Day)
(5) પૃથ્વી સમપ્રકાશીય દિવસ (Earth Equinox Day)
(6) સંયુક્ત રાષ્ટ્રનો ફ્રેન્ચ ભાષા દિવસ

## આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **20 માર્ચ**ના રોજ **'આંતરરાષ્ટ્રીય ખુશી અથવા તો પ્રસન્નતા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા **વર્ષ 2012**માં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત **વર્ષ 2013**થી દર વર્ષે **20 માર્ચ**ના રોજ આ International Happiness Dayની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી **વર્ષ 2021**ની 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ની થીમ **"Happiness for All, Forever"** છે.

## વિશ્વ ચકલી દિવસ

ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં **20 માર્ચ**ના રોજ **'વિશ્વ ચકલી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સની 'ઈકો–સીઝ એકશન ફાઉન્ડેશન' અને વિશ્વના અન્ય સંગઠનો સાથે મળીને ભારતની **'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'** દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.
- આ અંતર્ગત સૌપ્રથમ વર્ષ 2010માં પ્રથમ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં ચકલીના સંરક્ષણ માટે **નાસિક**ના નિવાસી **શ્રી મોહમ્મદ દિલાવર** નામના વ્યક્તિએ **'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'**ની સ્થાપના કરી હતી.
- પર્યાવરણના સંરક્ષણ માટે **'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'** દ્વારા વર્ષ 2011થી ગુજરાતના **અમદાવાદ** ખાતેથી **'ચકલી એવોર્ડ'** નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## વિશ્વ ચકલી દિવસ ની વર્ષ 2021 ની થીમ

વર્ષ 2021ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ **'I love Sparrow'** છે.

## પૃથ્વી સમપ્રકાશીય દિવસ

- વર્ષ દરમિયાન **20 માર્ચ** અને **23 સપ્ટેમ્બર**ના રોજ સૂર્ય પૃથ્વીના વિષુવવૃતની બરાબર સામે આવે છે.
- પૃથ્વીના ઉત્તરગોળાર્ધમાં ખગોળશાસ્ત્ર મુજબ વસતંતના ચોક્કસ સમયને તથા દક્ષિણ ગોળાર્ધમાં શરદ (પાનખર)ના ચોક્કસ સમયને 'અર્થ ઈક્વિનોક્સ દિવસ' તરીકે ચિહ્નિત કરવામાં આવે છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2021

**યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યૂશન્સ નેટવર્ક** એ તાજેતરમાં **'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2021'** જાહેર કર્યો છે.

- આ વર્ષે આ યાદીમાં **ભારત 149 દેશોમાંથી 139**માં ક્રમાંકે રહ્યો છે.
- કોરોના મહામારી વચ્ચે પણ **ફિનલેન્ડે** વિશ્વના સૌથી ખુશહાલ દેશોમાં **પ્રથમ સ્થાન** મેળવ્યું છે.
- યુ.એન.ના આ અહેવાલ અનુસાર **ફિનલેન્ડે સતત ચોથા વર્ષે** ખુશહાલ દેશનો દરજ્જો જાળવી રાખ્યો છે.
- આ યાદીમાં **બીજા ક્રમાંકે ડેનમાર્ક**, **ત્રીજા ક્રમાંકે સ્વિટ્ઝર્લેન્ડ** તેમજ **ચોથા અને પાંચમા** ક્રમાંકે ક્રમશઃ **આઈસલેન્ડ** અને **નેધરલેન્ડ** રહ્યા છે.
- **અમેરિકા** આ યાદીમાં **19**માં ક્રમાંકે, **ચીન 84**માં ક્રમાંકે અને **પાકિસ્તાન 105**માં ક્રમાંકે રહ્યું છે.
- આ યાદી અનુસાર સૌથી છેલ્લા ક્રમાંકે એટલે કે 149માં ક્રમાંકે **અફઘાનિસ્તાન** દેશ રહ્યો છે.

### ત્રણ માપદંડો

આ રિપોર્ટમાં ખાસ કરીને ત્રણ માપદંડો ;

1. લોકોનું જીવન ધોરણ
2. પોઝિટીવ ઈમોશન્સ અને
3. નેગેટીવ ઈમોશન્સને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ અનુસાર વિવિધ દેશોના રેન્કિંગ

| ક્રમ | દેશનું નામ |
|---|---|
| 1. | ફિનલેન્ડ |
| 2. | ડેનમાર્ક |
| 3. | સ્વિટ્ઝર્લેન્ડ |
| 4. | આઈસલેન્ડ |
| 5. | નેધરલેન્ડ |
| 19. | અમેરિકા |
| 84. | ચીન |
| 105. | પાકિસ્તાન |
| 139. | ભારત |
| 149. | અફઘાનિસ્તાન |

**ICE FACT :**

(1) યુનાઈટેડ નેશન્સન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યૂશન્સ નેટવર્કન (SDSN)ની શરૂઆત **વર્ષ 2012**માં કરવામાં આવી હતી.

## APEDA દ્વારા તેના પ્રથમ વર્ચ્યુઅલ ટ્રેડ ફેરનો શુભારંભ

એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ 10 માર્ચ,2021ના રોજ તેના પ્રથમ વર્ચ્યુઅલ ટ્રેડ ફેરનો શુભારંભ કર્યો હતો. અને તેનું સમાપન 12 માર્ચ, 2021ના રોજ કરવામા આવ્યું હતું.

- કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પેદાશોના નિકાસને વેગ આપવા માટે આ ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.
- કોરોના મહામારીના કારણે આ વર્ચ્યુઅલ ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ટ્રેડ ફેરની થીમ

'India Rice and Agro Commodity' ની થીમ અંતર્ગત APEDA દ્વારા આ ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ વર્ચ્યુઅલ ઈવેન્ટમાં આયાતકારો અને નિકાસકારો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.
- આ વર્ચ્યુઅલ ટ્રેડમાં બાસમતી ચોખા, ઘઉં, મકાઈ, બાજરી, બરછટ અનાજ તેમજ મગફળ જેવા કેટલાક મુખ્ય ઉત્પાદનો દર્શાવવામાં આવ્યા હતા.
- વિવિધ દેશોના ખરીદદારોએ આ ટ્રેડ ફેરમાં ભાગ લીધો હતો.

### APEDA

APEDAનું પૂરું નામ 'એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી' છે.

- તેની સ્થાપના વર્ષ 1986માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેની સ્થાપના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત કરવામાં આવી હતી.
- તેનો મુખ્ય હેતુ કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પેદાશોની નિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

ICE દ્વારા ONLINE UPLOAD
કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS
www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

| | |
|---|---|
| દિવસ મહિમા | 7:00 AM |
| GPSC MAINS Q & A | 11:00 AM |
| VOCAB | 01:00 PM |
| GPSC SPECIAL ARTICLE | 07:00 PM |
| ICE DAILY DOSE | 08:00 PM |
| MATHS EASY SOLUTIONS | EVERY SUNDAY 02:00 PM |
| ICE MAGIC EVERY MONDAY | ICE MIRACLE EVERY WEDNESDAY |

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## SATURDAY Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ' અથવા તો 'International Happiness Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
   (A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ' ના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચા છે ?
   1. વર્ષ 2013થી આ દિવસ ઉજવાય છે.
   2. વર્ષ 2011ની ઉજવણીની થીમ 'Happiness for All, Forever' છે.
   (A) 1, 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

3. 'વિશ્વ ચકલી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(C)**

4. વર્ષ 2011ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ શું છે ?
   (A) Save Sparrow (B) Save Sparrow Save Bird
   (C) I Love Sparrows (D) I Love Sparrow I Love Birds **(C)**

5. 'સંયુક્ત રાષ્ટ્રનો ફ્રેન્ચ ભાષા દિવસ' ક્યારે ઉજવાય છે ?
   (A) 17 માર્ચ (B) 18 માર્ચ (C) 19 માર્ચ (D) 20 માર્ચ **(D)**

6. 'આંતરરાષ્ટ્રીય જ્યોતિષવિદ્યા દિવસ'ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?
   (A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 19 માર્ચ **(A)**

7. 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2021' અંતર્ગત ભારત કેટલામાં ક્રમાંકે રહ્યું છે ?
   (A) 129 (B) 119 (C) 139 (D) 149 **(C)**

8. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2021 ' અંતર્ગત સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમાંકે કયો દેશ રહ્યો છે ?
   (A) ડેનમાર્ક (B) સ્વિટ્ઝર્લેન્ડ (C) આઈસલેન્ડ (D) ફિનલેન્ડ **(D)**

9. 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2021 ' બાબતે નીચેના પૈકી સાચા વિધાનો જણાવો ?
   1. યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યૂશન્સ નેટવર્કએ તાજેતરમાં આ રિપોર્ટ જાહેર કર્યો છે.
   2. આ રિપોર્ટ અનુસાર ફિનલેન્ડ સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંકે રહ્યું છે.
   3. આ રિપોર્ટ અંતર્ગત અફઘાનિસ્તાન 149માં ક્રમાંકે રહ્યું છે.
   4. આ રિપોર્ટ જાહેર કરવા માટે પોઝિટીવ ઈમોશન્સ અન નેગેટીવ ઈમોશન્સ જેવા પરિણામોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.
   (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 **(A)**

10. APEDA દ્વારા તેના પ્રથમ વર્ચ્યુઅલ ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, તેની થીમ જણાવો ?
   (A) India Rice and Agro Commodity (B) India Wheat and Agro Commodity
   (C) India Growing With Agro Commodity (D) India Fair of APEDA **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER

## ગુજરાત

➢ **ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે 75 સ્વાતંત્ર્ય સેનાનીઓનું ગ્રાફિકલ મ્યુઝિયમ બનશે**

દેશભરમાં અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવા પર મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે 75 સ્વાતંત્ર્ય સેનાનીઓનું ગ્રાફિકલ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ **ગુજરાત રાજ્યનું પ્રથમ સ્વાતંત્ર્ય સેનાનીઓને સમર્પિત** મ્યુઝિયમ હશે.

➢ **ગુજરાતમાં સિનિયર સિટીઝનની સારસંભાળ માટે 'નમન' સુવિધા**

અમદાવાદમાં સિનિયર સિટીઝનોની સારસંભાળ અને સુરક્ષા માટે શરૂ કરવામાં આવેલ **'નમન આદર સાથે અપનાપન'** સુવિધા હવે **ગુજરાત પોલીસ** તંત્ર દ્વારા સમગ્ર રાજ્યભરમાં શરૂ કરવામાં આવી રહી છે. આ અંગેની જાહેરાત ગુજરાત રાજ્યના પોલીસ વડા **શ્રી આશિષ ભાટિયા**એ કરી છે. દેશભરમાં પ્રથમવાર ગુજરાત રાજ્યમાં પોલીસ હવે સિનિયર સિટીઝનોની સુરક્ષાની સાથે સાથે તેઓના નાના મોટા પ્રશ્નોમાં પણ સક્રિય બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➢ **'આઝાદીના અમૃત મહોત્સવ' ની ઉજવણી માટે દેશની 17 હેરિટેજ સાઈટ્સની પસંદગી**

**આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI)** એ **દિલ્હી**માં જાહેરાત કરી છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સાબરમતી આશ્રમથી શરૂ થયેલા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં દેશની અન્ય 16 હેરિટેજ સાઈટ્સનો પણ સમાવેશ કરવામાં આવશે. આ સાઈટ્સમાં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ **શ્રી રાજેન્દ્ર પ્રસાદ**ના **પટના**માં આવેલા **હેરિટેજ ઘર**નો સમાવેશ કરવામાં આવશે. અન્ય હેરિટેજ સાઈટ્સમાં દિલ્હીની હુમાયુની કબર, હિમાચલ પ્રદેશનો કાંગ્રાનો કિલ્લો, પૂણેનો આગાખાન પેલેસ, આગ્રાનો ફતેહપુર સીકી, હૈદરાબાદનો ગોલકોન્ડા કિલ્લો, લખનઉનું રેસિડેન્સ બિલ્ડિંગ, ઝાંસીનો કિલ્લો, જયપુરનો ડીગ પેલેસ, ઓડિશાનું કોણાર્ક મંદિર અને ગ્વાલિયરનો કિલ્લો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ભારત

➤ **લઘુ ઉદ્યોગ ભારતી અને IMS ફાઉન્ડેશન દ્વારા ટેકભારત 2021નું આયોજન**

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી ડૉ. હર્ષવર્ધન દ્વારા ટેકભારત 2021ના ઉદ્દઘાટન સત્રને સંબોધન કરવામાં આવ્યું હતું. લઘુ ઉદ્યોગ ભારતી અને IMS ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય તકનીકી અને શિક્ષણ તકનીકી ક્ષેત્રના હિતધારકોને એકસાથે લાવવા ટેકભારત 2021નું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ **ઈન્ટિગ્રેટેડ રેલ મદદ હેલ્પલાઈન નંબર લોન્ચ**

**ભારતીય રેલવે**એ તાજેતરમાં ઈન્ટિગ્રેટેડ રેલ મદદ હેલ્પલાઈન **નંબર 139** લોન્ચ કર્યો છે. આ હેલ્પલાઈન નંબરનો ઉપયોગ રેલવે મુસાફરો તેમના પ્રશ્નનો, સહાય અને ફરિયાદો માટે કરી શકે છે. હાલના રેલવેના તમામ હેલ્પલાઈન નંબરોને 139 નંબર પર એકીકૃત કરી દેવામાં આવ્યા છે. આ અંગે લોકોમાં જાગરૂકતા વધારવા માટે રેલવે દ્વારા **'onerailhelpline139'** નામનું સોશિયલ મીડિયા અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સુશ્રી ભવાનીદેવી તલવારબાજીમાં ઓલિમ્પિકમાં ક્વોલિફાઈ થનાર દેશના પ્રથમ ખેલાડી**

તમિલનાડુના સુશ્રી ચડલાવાડા આનંદ સુંધારરમન ભવાની દેવી આ વર્ષે રમાનાર ટોકયો ઓલિમ્પિકસમાં તલવારબાજીની રમતમાં ક્વોલિફાઈ થયા છે. આ રમતમાં ઓલિમ્પિકમા ક્વોલિફાઈ થનારા તે પ્રથમ ભારતીય ખેલાડી બન્યા છે.

## વિશ્વ

➤ **ગુગલ દ્વારા 'Women will' વેબ પ્લેટફોર્મ લોન્ચ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (8 માર્ચ)ના પ્રસંગે ગૂગલ દ્વારા **'Women will'** નામનું એક નવું વેબ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે. આ વેબ પ્લેટફોર્મ ભારતમાં 1 મિલિયન ગ્રામીણ મહિલાઓને તેમના વ્યવસાયમાં આગળ વધવા માટે માર્ગદર્શન પૂરું પાડશે.


➤ **CAG જી.સી. મુર્મૂની UNના એકસટર્નલ ઓડિટરની પેનલના અધ્યક્ષ તરીકે નિમણૂક**

તાજેતરમાં ભારતના કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG) શ્રી ગિરિશચંદ્ર મુર્મૂની સંયુકત રાષ્ટ્રના બાહ્ય ઓડિટર્સ પેનલના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ભારત ઉપરાંત આ પેનલમાં જર્મની, ચીલી, ચીન, યુ.કે., ફ્રાંસ, ફિલિપાઈન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, ઈટાલી, ઘાના, ઈન્ડોનેશિયા, કેનેડા અને રશિયા જેવા દેશોનો સમાવેશ થાય છે.

## ICE ? Questions

- ગુજરાતમાં કયા સ્થળે 75 સ્વાતંત્ર્ય સેનાનીઓનું ગ્રાફિકલ મ્યુઝિયમ બનશે ?– ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે
- ગુજરાતમાં તાજેતરમાં સિનિયર સિટીઝનોની સારસંભાળ માટે કઈ સુવિધા ગુજરાત પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે ? – નમન આદર સાથે અપનાપન
- 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી માટે દેશની કેટલી હેરિટેજ સાઈટ્સની પસંદગી કરવામાં આવી છે ? – 17
- ટેકભારત 2021નું આયોજન તાજેતરમાં કઈ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું ? – લઘુ ઉદ્યોગ ભારતી અને IMS ફાઉન્ડેશન
- તાજેતરમાં ભારતીય રેલવેએ કયો ઈન્ટિગ્રેટેડ રેલ મદદ હેલ્પલાઈન નંબર લોન્ચ કર્યો છે ? – 139
- ઈન્ટિગ્રેટેડ રેલ મદદ હેલ્પલાઈન નંબર અંગે લોકોમાં જાગરૂકતા વધારવા માટે ભારતીય રેલવે દ્વારા કયું સોશિયલ મીડિયા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું ? – onerailonehelpline139
- તલવારબાજીમાં ઓલિમ્પિકમાં ક્વોલિફાઈ થનાર દેશના પ્રથમ ખેલાડીનું નામ જણાવો ? – સુશ્રી ભવાનીદેવી
- સુશ્રી ભવાનીદેવી કયા રાજ્યના વતની છે ? – તમિલનાડુ
- 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે કોના દ્વારા 'women will' નામનું વેબ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે ? – ગૂગલ
- UNના એક્સટર્નલ ઓડિટરની પેનલના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – ભારતના CAG શ્રી ગિરિશચંદ્ર મુર્મૂની

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં પાકિસ્તાનમાં આવેલ રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમનું નવું નામ શું રાખવામાં આવ્યું છે ?

– શોએર અખ્તર ક્રિકેટ સ્ટેડિયમ

2. બિટકોઈન સહિતની ડિજિટલ કરન્સીમાં ઉપયોગમાં લેવામાં આવતી બ્લોક ચેઈન ટેક્નોલોજીની શોધ કોના દ્વારા કરવામાં આવી હતી ?

– વર્ષ 1991માં ગણિતશાસ્ત્રી શ્રી સ્ટુઅર્ટ હાર્બર અને સ્કોટ દ્વારા

(બ્લોકચેઈન ટેક્નોલોજીએ એક પ્રકારનું ડિજિટલ ખાતાવહી સ્ટોરેજ સ્ટ્રક્ચર છે. જે એક સમયે ઘણા ડેટાબેઝમાં વ્યક્તિ કે સંસ્થા દ્વારા થયેલા ટ્રાન્ઝેકશનને સંગ્રહ કરે છે. જેને બ્લોક રેકોર્ડ તરીકે ઓળખવામાં આવે છે. આ ટેક્નોલોજીમાં ઘણા સુપર કમ્પ્યૂટર્સ એકબીજા સાથે જોડાયેલા છે. આ પ્રકારના સ્ટોરેજને 'ડિજિટલ લેજર' પણ કહેવાય છે.)

3. વન–ડે ક્રિકેટમાં 7,000 રન પૂરા કરનારી વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટરનું નામ જણાવો ?

– સુશ્રી મિતાલી રાજ

4. મધ્યપ્રદેશના ટુરિઝમે તાજેતરમાં નાઈટ સફારીની રજૂઆત કરી હતી જે અંતર્ગત મધ્યપ્રદેશના કયા ત્રણ રાષ્ટ્રીય ઉદ્યાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

– બાંધવગઢ રાષ્ટ્રીય ઉદ્યાન, કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન અને પેન્ચ રાષ્ટ્રીય ઉદ્યાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. 'ફૂડ વેસ્ટ ઈન્ડેક્સ રિપોર્ટ 2021 ' તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો ?

– યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)

(UNEPના આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં સમગ્ર વિશ્વમાં આશરે 931 મિલિયન ટન ખોરાકનો વ્યય થયો હતો.)

6. આરોગ્ય ક્ષેત્રને લગતા નવા સંશોધન બિલ્ડિંગ 'દેસીકા ભવન' નું ઉદ્દઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

– ડો. હર્ષવર્ધન

7. અમેરિકન કન્ઝર્વેટિવ થિંક ટેન્ક ધ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા 'ઈકોનોમિક ફ્રીડમ ઈન્ડેક્સ 2021' અનુસાર કયો દેશ પ્રથમ ક્રમાંકે રહ્યો છે ?

– સિંગાપોર

(ઈકોનોમિક ફ્રીડમ ઈન્ડેક્સ 2021માં દ્વિતીય ક્રમાંકે ન્યૂઝીલેન્ડ તથા ત્રીજા ક્રમાંકે ઓસ્ટ્રેલિયા રહયું છે.)

8. અમૃત મહોત્સવ અંતર્ગત શરૂ કરવામાં આવેલ દાંડીયાત્રામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કયા શહેરથી જોડાયા હતા ? – નડિયાદથી

9. 'સ્વાધિનતા પુરસ્કાર' એ કયા દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન છે ? – બાંગ્લાદેશ

(સ્વાધિનતા પુરસ્કારને ઈન્ડિપેન્ડેન્સ એવોર્ડ અને સ્વાધિનતા પદક તરીકે પણ ઓળખવામાં આવે છે.)

10. સ્વિટ્ઝર્લેન્ડની સંસ્થા આઈક્યુ એર દ્વારા 'વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ 2020' અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. તેના અનુસાર વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની કઈ છે ? – દિલ્હી

(વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ 2020 અનુસાર વિશ્વના સૌથી પ્રદૂષિત 30 શહેરોમાંથી 22 શહેરો ભારતના છે. આ રિપોર્ટ અનુસાર ચીનનું શિન્જિયાંગ વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર છે.)

11. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સલાહકારશ્રીએ રાજીનામું આપ્યું છે, તેઓનું નામ જણાવો ? – શ્રી પ્રદિપકુમાર સિંહા

( શ્રી પ્રદિપકુમાર સિંહાએ વર્ષ 1977ની બેંચના ઉત્તરપ્રદેશ કેડરના IAS અધિકારી છે.)

12. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા 'ડિસ્ટ્રીકટ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી (DIPA)ની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઓડિશા

(DIPA એ રાજ્યમાં રોકાણને પ્રોત્સાહન અને સુવિધામાં મદદ કરશે.)

13. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા 'દેશભક્તિ' થીમ અંતર્ગત બજેટ રજૂ કરવામાં આવ્યું છે ? – દિલ્હી

14. 'અક્ષયપાત્ર' નામના મહિલા કલા પ્રદર્શનનું ઉદઘાટન તાજેતરમાં કયાં કરવામાં આવ્યું હતું ? – લલિતકલા અકાદમી ખાતે

(લલિત કલા અકાદમીને 'નેશનલ એકેડમી ઓફ આર્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એકેડમીએ એક સ્વાયત સંસ્થા (Autonomous organisation) છે. જેની સ્થાપના વર્ષ 1954માં નવી દિલ્હી ખાતે કરવામાં આવી હતી. તેની સ્થાપના કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. તેમજ તેનું મુખ્યમથક નવી દિલ્હીના રવિન્દ્રભવન ખાતે આવેલું છે.)

15. અમેરિકાના થિંક ટેન્ક ધ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા જાહેર કરવામાં આવેલા ઈકોનોમિક ફ્રીડમ ઈન્ડેક્સ અનુસાર ભારત કેટલામાં ક્રમાંકે રહયું છે ? – 121

INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. સાલ્દા લેક કયા દેશમાં આવેલું છે ? – તુર્કી

17. 'વેક્સિન પાસપોર્ટ' પ્રણાલીની રજૂઆત સૌપ્રથમ કયા દેશ દ્વારા કરવામાં આવી હતી ? – ઈઝરાયેલ

(વેક્સિન પાસપોર્ટ એ એક સર્ટિફિકેશન સિસ્ટમ છે. જે કોવિડ–19 સામે રસી અપાયેલ લોકોની ઓળખ આપે છે. વેક્સિન પાસપોર્ટ એ ડિજિટલ દસ્તાવેજ છે અને તે કોવિડ–19 સામે રસીકરણના પુરાવા તરીકે કાર્ય કરે છે.)

18. શ્રી ઉડુપી રામચંદ્ર રાવ એ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ? – અવકાશ વિજ્ઞાન

(શ્રી ઉડુપી રામચંદ્ર રાવને 'ભારતના સેટેલાઈટ મેન' તરીકે યાદ કરવામાં આવે છે. વર્ષ 1975માં ભારતના પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ'ના પ્રક્ષેપણનું નેતૃત્વ તેઓએ કર્યું હતું.)

19. ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા 'ઈકોનોમિક આઉટલુક' અનુસાર નાણાંકીય વર્ષ 2022 દરમિયાન ભારતની વૃદ્ધિ કેટલા ટકાના દરે થશે ?

– 12. 6 %

(OECD દ્વારા દર્શાવવામાં આવેલ આ વૃદ્ધિ G-20 દેશોમાં સૌથી વધુ છે. OECD એ એક આંતર સરકારી આર્થિક સંસ્થા છે. જેમાં 37 સભ્યદેશોનો સમાવેશ થાય છે. આર્થિક પ્રગતિ અને વિશ્વ વેપાર અંગે ધ્યાન આપવા માટે વર્ષ 1961માં તેની સ્થાપના કરવામાં આવી હતી. )

20. તાજેતરમાં એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની ઈન્ડિયા લિમિટેડ (ARCIL) ના CEO તરીકે તાજેતરમાં કોની નિમણૂંક કરવામાં આવી છે ? – શ્રી પલ્લવ મોહાપાત્રા

21. તાજેતરમાં ભારતની મુલાકાત લેનાર અમેરિકાના સંરક્ષણ પ્રધાનનું નામ જણાવો ? – શ્રી લોયડ ઓસ્ટિન

22. નિર્ભયાકાંડ થયા બાદ 'નિર્ભયા એન્થમ' ની રચના કોના દ્વારા કરવામાં આવી હતી ? – સુશ્રી વિશ્વા રાવલ

23. ઓલિવ રીડલે કાચબા ભારતમાં મુખ્યત્વે કયા જોવા મળે છે ? – ઓડિશાના ગહિરમાથા દરિયાકાંઠે

(માદા ઓલિવ રીડલે કાચબા ઓડીશાના ગહિરમાથા દરિયાકાંઠે ઈંડા મૂકવા જાય છે. આ ઘટનાને 'અરિબદા' તરીકે ઓળખવામાં આવે છે. ઓલિવ રીડલે કાચબાને 'પેસેફિક રીડલે દરિયાઈ કાચબા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

24. અર્જુન સહાયક સિંચાઈ પ્રોજેક્ટ કયા રાજ્યમાં શરૂ કરવામાં આવશે ? – ઉત્તરપ્રદેશ

(અર્જુન સહાયક સિંચાઈ પ્રોજેક્ટ અંતર્ગત ઘસન નદીના પાણી દ્વારા સિંચાઈ પ્રવૃતિ કરવામાં આવશે. ઘસન નદીએ બેતવાની સહાયક નદી છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT